dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નુ સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year - 08 | Issue-70 | AD - 2024, Magashirsha Sud - 13 | Friday, Dt.13-12-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00




## બિલ અંગે તમામ રાજકીય પક્ષોના સૂચનો લેવામાં આવશે બાદમાં તેને સંસદ દ્વારા પસાર કરવામાં આવશે

# 'વન નેશન વન ઈલેક્શન'ના પ્રસ્તાવને કેન્દ્રીય કેબિનેટની મંજૂરી

નવીદિલ્હી,તા.૧૨

'વન નેશન વન ઈલેક્શન' પ્રસ્તાવને કેન્દ્રીય કેબિનેટની મંજૂરી મળી ગઈ છે. સૂત્રોના જણાવ્યા અનુસાર વર્તમાન શિયાળુ સત્ર દરમિયાન જ આ બિલ સંસદમાં રજૂ થઈ શકે છે. આ બિલ અંગે તમામ રાજકીય પક્ષોના સૂચનો લેવામાં આવશે. બાદમાં તેને સંસદ દ્વારા પસાર કરવામાં આવશે. આ પહેલા પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની આગેવાની હેઠળની સમિતિએ એક દેશ એક ચૂંટણી સંબંધિત રિપોર્ટ સરકારને સોંપ્યો હતો. કોવિંદ સમિતિએ જે સૂચનો કર્યા છે તેમાં તમામ રાજ્યોની વિધાનસભાઓનો કાર્યકાળ આગામી લોકસભા ચૂંટણી એટલે કે ૨૦૨૯ સુધી લંબાવવો જોઈએ. પ્રથમ તબક્કામાં લોકસભા અને વિધાનસભાની ચૂંટણી એક સાથે થઈ શકે છે. બીજા તબક્કામાં ૧૦૦ દિવસની અંદર નાગરિક ચૂંટણીઓ યોજાઈ શકે છે. ત્રિશંકુ વિધાનસભા અને અવિશ્વાસ પ્રસ્તાવના કિસ્સામાં, કાર્યકાળના બાકીના ૫ વર્ષ માટે નવી ચૂંટણીઓ યોજવામાં આવી શકે છે. ચૂંટણી પંચ રાજ્ય ચૂંટણી સત્તાવાળાઓ સાથે પરામર્શ કરીને લોકસભા, વિધાનસભા અને સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ માટે એક જ મતદારયાદી અને મતદાર



ઓળખ કાર્ડ તૈયાર કરી શકે છે. કોવિંદ પેનલે એકસાથે ચૂંટણી યોજવા માટે ઉપકરણો, મેન પાવર અને સુરક્ષા દળોના આગોતરા આયોજનની પણ ભલામણ કરી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર કાયદા મંત્રીએ કેબિનેટમાં એક દેશ, એક ચૂંટણીનો પ્રસ્તાવ મૂક્યો હતો. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આ પ્રસ્તાવ અંગે વિસ્તૃત માહિતી આપી હતી. જો આ બિલ પાસ થશે તો 'એક દેશ, એક ચૂંટણી' અંતર્ગત લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓ એક સાથે યોજાશે.

વાસ્તવમાં પીએમ મોદી લાંબા સમયથી 'એક દેશ, એક ચૂંટણી'ની વકાલત કરી રહ્યા છે. તેમણે કહ્યું હતું કે ચૂંટણી માત્ર ત્રણ-ચાર મહિના માટે જ થવી જોઈએ, આખા ૫ વર્ષ સુધી રાજકારણ ન થવું જોઈએ. તેમજ ચૂંટણી પર થતા ખર્ચમાં ઘટાડો થવો જોઈએ અને વહીવટી તંત્ર પર બોજ ન વધવો જોઈએ. 'એક દેશ, એક ચૂંટણી'નો અર્થ છે કે ભારતના તમામ રાજ્યોની લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓ એકસાથે યોજવી જોઈએ.' એક દેશ, એક ચૂંટણી' મોદી સરકારની પ્રાથમિકતાઓમાંની એક છે. પીએમ મોદીએ 'વન નેશન વન ઈલેક્શન' એટલે કે એક દેશ એક ચૂંટણીનું વચન આપ્યું હતું. મોદી કેબિનેટે ૧૮ સપ્ટેમ્બરે 'વન નેશન વન ઈલેક્શન' પ્રસ્તાવને મંજૂરી આપી હતી. તમને જણાવી દઈએ કે મોદી સરકાર છેલ્લા કેટલાક સમયથી એક દેશ એક ચૂંટણી માટે આગ્રહ કરી રહી છે. સરકારનું કહેવું છે કે હાલમાં ચૂંટણીમાં નાણાં અને કર્મચારીઓનો વ્યય થઈ રહ્યો છે. ચૂંટણી પહેલા જાહેર થયેલી આચારસંહિતાના કારણે વિકાસના કામો અટકી પડે છે. એકસાથે ચૂંટણી થવાથી સમય, નાણાં અને કર્મચારીઓની બચત થશે. વિકાસના કામો કોઈપણ વિરામ વિના પૂર્ણ કરવામાં આવશે. વિપક્ષે સરકારની આ દલીલોને અવ્યવહારુ ગણાવી હતી. વિપક્ષી દળોએ રાજ્યમાં ચૂંટણીઓ યોજવામાં ચૂંટણી પંચ દ્વારા સામનો કરવામાં આવતા લોજિસ્ટિકલ પડકારો તરફ ધ્યાન દોર્યું છે. એક દેશ એક ચૂંટણી એ ભારત માટે નવો ખ્યાલ નથી. દેશમાં આઝાદી પછી ૧૯૬૭ સુધી લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓ એક સાથે થતી હતી. ૧૯૫૨, ૧૯૫૭, ૧૯૬૨ અને ૧૯૬૭માં લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓ એક સાથે યોજાઈ હતી, પરંતુ રાજ્યોની પુનઃરચના અને અન્ય કારણોસર ચૂંટણીઓ અલગ-અલગ સમયે યોજાવા લાગી હતી.




## નક્સલ પ્રભાવિત નારાયણપુર જિલ્લામાં સામસામા ગોળીબાર

# છત્તીસગઢમાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં ૧૨ નક્સલવાદીઓ ઠાર



(એચ.એસ.એલ),રાયપુર,તા.૧૨

છત્તીસગઢના નક્સલ પ્રભાવિત નારાયણપુર જિલ્લામાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં ૧૨ નક્સલવાદીઓ માર્યા ગયા હતા. પોલીસ અધિકારીઓએ જણાવ્યું કે જિલ્લાના અબુઝહમદ વિસ્તારમાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં સાત નક્સલવાદીઓ માર્યા ગયા હતા. તેમણે માહિતી આપી હતી કે આ મહિનાની ૧૦મી તારીખે નારાયણપુર, દંતેવાડા, જગદલપુર અને કોંડાગાંવ જિલ્લામાંથી જિલ્લા રિઝર્વ ફોર્સ ડીઆરજી, એસટીએફ (સ્પેશિયલ ટાસ્ક ફોર્સ) અને સીઆરપીએફ (સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ)ની સંયુક્ત ટીમે નક્સલ વિરોધી અભિયાન શરૂ કર્યું હતું.

અધિકારીઓએ જણાવ્યું કે આજે સવારે ૩ વાગ્યે જ્યારે સુરક્ષા દળો વિસ્તારમાં હતા ત્યારે નક્સલવાદીઓએ તેમના પર ગોળીબાર શરૂ કરી દીધો હતો. આ પછી સુરક્ષા દળોએ પણ જવાબી કાર્યવાહી કરી હતી. સુરક્ષા દળો અને નક્સલવાદીઓ વચ્ચે સમયાંતરે અથડામણ ચાલુ છે. તેમણે કહ્યું કે સુરક્ષા દળોએ ઘટના સ્થળેથી અત્યાર સુધીમાં સાત નક્સલવાદીઓના મૃતદેહ બહાર કાઢ્યા છે. અધિકારીઓએ જણાવ્યું કે આ વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચાલુ છે. આ અંગે વધુ માહિતી એકત્ર કરવામાં આવી રહી છે.

# કાબુલમાં વિસ્ફોટ : તાલિબાન સરકારના મંત્રી હક્કાની સહિત ૧૨ના મોત

(એચ.એસ.એલ),કાબુલ,તા.૧૨

અફઘાનિસ્તાનની રાજધાની કાબુલમાં થયેલા મોટા વિસ્ફોટને કારણે પ્રાથમિક માહિતી અનુસાર ૧૨ લોકોના મોત થયા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર કાબુલમાં શરણાર્થી મંત્રાલયના કમ્પાઉન્ડમાં થયેલા વિસ્ફોટમાં તાલિબાન શરણાર્થી મંત્રી ખલીલ રહેમાન હક્કાની અને તેના ત્રણ અંગરક્ષકો સહિત ૧૨ લોકો માર્યા ગયા હતા. મીડિયા અહેવાલો અનુસાર, આ વિસ્ફોટ ત્યારે થયો જ્યારે હક્કાની ખોસ્તથી આવતા લોકોના સમૂહને હોસ્ટ કરી રહ્યો હતો. તાલિબાન સરકારે 'ધ ખોરાસાન ડાયરી' સાથેની વાતચીતમાં આ ઘટનાની પુષ્ટિ કરી છે. હાલમાં આ વિસ્ફોટ કેવી રીતે થયો અને કોણે કરાવ્યો તે અંગે વધુ માહિતી બહાર આવી નથી.












સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
શુક્રવાર, તા.૧૩-૧૨-૨૦૨૪

# લીલીયા મોટા ખાતે ૧૫ ટીબીના દર્દીઓને પોષણ કીટ આપવામાં આવી

અમરેલી,તા.૧૨

રાષ્ટ્રીય ટીબી નાબૂદી કાર્યક્રમ અંતર્ગત ટીબી મુક્ત ભારત અભિયાન હેઠળ તાલુકા હેલ્થ કચેરી લીલીયા તથા ટીબી યુનિટ લીલીયાના સંયુક્ત ઉપક્રમે સામૂહિક આરોગ્ય કેન્દ્ર લીલીયા ખાતે તાલુકાના ગ્રામ્ય કક્ષાના ૧૫ જેટલા ટીબીના દર્દીઓને પોષણક્ષમ આહાર કીટ




આપવામાં આવેલ હતી. સામૂહિક આરોગ્ય કેન્દ્ર લીલીયા ખાતે ફરજ બજાવતા ડોક્ટર પ્રતીક દોમડીયા, પરેશભાઈ ગોસાઈ, કલ્પેશભાઈ મકવાણા તથા સંજયભાઈ રાજપરા ટીબી સુપરવાઈઝર દ્વારા દર્દીઓને આરોગ્ય શિક્ષણ, સારવારનો સમયગાળો ,કફ એટીકેટર્સ પોષણ યોજના જેવા અનેક મુદ્દાઓથી માહિતગાર કરવામાં આવેલ હતા તથા ડોક્ટર પ્રતીક દોમડીયા દ્વારા તમામ દર્દીઓની આરોગ્ય તપાસ કરવામાં આવેલ હતી.

# ધારી-બગસરા એસટી ડેપોની બેદરકારીથી મુસાફરો હેરાન

**બસ સેવા બંધ રહેવાથી વિદ્યાર્થીઓ અને દર્દીઓને મુશ્કેલી**

કુંકાવાવ, તા.૧૨

ધારી અને બગસરા એસટી ડેપોની બેદરકારીના કારણે ધારીથી રાજકોટ અને બગસરાથી રાજકોટ જતી બસો મહિનામાં ૧૫ દિવસ સુધી બંધ રહે છે. આના કારણે વિદ્યાર્થીઓ, નોકરી કરતા લોકો અને ખાસ કરીને હોસ્પિટલ જતા દર્દીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. મુસાફરોએ અવારનવાર ડેપો મેનેજરને આ સમસ્યા અંગે જાણ કરી છે, પરંતુ કોઈ નિરાકરણ આવતું નથી. ફરિયાદ કરવા માટે ફોન કરતાં પણ યોગ્ય જવાબ મળતો નથી અને ઘણીવાર ફોન બંધ કરી દેવામાં આવે છે. વર્ષોથી ચાલતી ધારી-રાજકોટ મેટ્રોલિંક બસ સેવા પણ બંધ કરી દેવામાં આવી છે. આ અંગે લેખિતમાં ડેપો મેનેજરને જાણ કરવા છતાં કોઈ જવાબ મળ્યો નથી. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સ્થાનિક લોકો માંગ કરી રહ્યા છે કે, ઉચ્ચ અધિકારીઓ આ સમસ્યાનું નિરાકરણ લાવે અને ધારીથી રાજકોટ અને બગસરાથી રાજકોટ જતી બસ સેવા ફરી શરૂ કરવામાં આવે.

# રાજુલામાં પતિએ પત્નીને સામાન્ય વાતમાં માર માર્યો

**પરીણિતાને માથામાં ૧૮ ટાંકા આવ્યા**

રાજુલા, તા.૧૨

રાજુલામાં રહેતા દયાબેન દિપકભાઈ બાબરીયા (ઉ.વ.૨૮)એ પતિ દિપકભાઈ રામજીભાઈ બાબરીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ તથા આરોપી પતિ-પત્ની થાય છે. પતિએ તેમને 'આપણે ઝઘડો થાય છે તે વાતની જાણ તારા માતા-પિતાને કેમ કરે છે' તેમ કહી જેમ ફાવે તેમ ગાળો આપી એલ્યુમિનિયમ પટ્ટી વડે ફટકારી હતી. જેને લઈ માથામાં ૧૮ ટકા આવ્યા હતા. રાજુલા પોલીસ સ્ટેશનના એએસઆઈ એન.બી. સિંધવ વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલા સ્વામિનારાયણ ગુરૂકુળ પ્રા.શાળાની વિદ્યાર્થિનીનો ઉત્કૃષ્ટ દેખાવ

અમરેલી,તા.૧૨

સાવરકુંડલા શહેરમાં સ્વામિનારાયણ ગુરુકુળ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતી વિદ્યાર્થિની જૈનીબેન બનજારાએ બોમ્બેની સંસ્થા રંગોત્સવ સેલિબ્રેશન દ્વારા આયોજિત વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો.



આ સ્પર્ધામાં રંગપૂરણી, ગ્રિટિંગ કાર્ડ મેકિંગ, થંબ એન્ડ ફિંગર પ્રિન્ટ આર્ટ, ઈંગ્લીશ હેન્ડ રાઈટિંગ જેવી સ્પર્ધાઓ યોજાઈ હતી.

આ સંસ્થા દ્વારા યોજાયેલ નેશનલ કોમ્પિટીશનમાં જૈનીબેન બનજારાએ એક ગોલ્ડ મેડલ, એક સિલ્વર મેડલ તથા ૨ ગ્રેડ સર્ટિફિકેટ તેમજ ૪ સર્ટિફિકેટ મેળવી શાળા, શહેર અને બનજારા પરિવારનું નામ રોશન કર્યું છે.

# ધારાબંદર ગામે મહિલાને જાનથી મારવાની ધમકી આપી

જાફરાબાદ, તા.૧૨

જાફરાબાદના ધારાબંદર ખાતે રહેતી એક મહિલાને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. સવિતાબેન મંગાભાઈ ચુડાસમા (ઉ.વ.૬૦) એ દીલાભાઈ મંગાભાઈ બારૈયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપી અવારનવાર હેરાન પરેશાન કરતા હતા. જેથી ઠપકો આપતાં તેનો ખાર રાખી જેમ ફાવે તેમ ગાળો આપીને ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો.

ઉપરાંત જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એ.આર. ઝાલા વધુ તપાસ કરી રહ્યા છે.

# તરવડા સ્વામિનારાયણ ગુરૂકુળમાં ગીતા જયંતિની ઉજવણી કરાઈ

અમરેલી,તા.૧૨

સ્વામિનારાયણ ગુરુકુલ તરવડામાં ગીતા જયંતિના પવિત્ર દિવસે વિદ્યાર્થીઓએ વિવિધ કાર્યક્રમો રજૂ કર્યા. જેમાં ગીતાના "શ્લોક કંઠસ્થ સ્પર્ધા" દ્વારા અનેક વિદ્યાર્થીઓને આપણા હિન્દુ ધર્મના મહાન ગ્રંથનો અભ્યાસ કરાવાયો હતો. ગીતાના ૭૦૦ શ્લોક કંઠસ્થ કરનાર ધ્યેય બાબરીયાએ ગીતાના ૧૫મા અધ્યાયનું ગાન કરેલ. આ પ્રસંગે પૂ. રામકૃષ્ણદાસજી સ્વામીએ ગીતા ઉપર વિશિષ્ટ પ્રવચન દ્વારા



આપણા રોજિંદા જીવનમાં ગીતાના ઉપદેશનું મહત્વ સમજાવ્યું. આ ઉપરાંત ગીતાને ભગવતસ્વરૂપ માની તેમનું પૂજન વિદ્યાર્થીઓએ કર્યું હતું.

# વરસડા ગામે પતિ સાથે બોલાચાલી બાદ પત્નીએ ઝેરી દવા ગટગટાવી

**કપાસ વીણવા મુદ્દે બોલાચાલી થતાં મનમાં લાગી આવ્યું**

અમરેલી, તા.૧૨

અમરેલીના વરસડા ગામે વાડીએ રહેતા મૂળ મધ્યપ્રદેશના અલીરાજપુરના દેદલીગામાના નારાયણભાઈ નરસીંગભાઈ બગેલ (ઉ.વ.૨૬)એ જાહેર કર્યા મુજબ, ભોગ બનનારને તેના પતિ સાથે કપાસ વીણવા મુદ્દે બોલાચાલી થતાં મનમાં લાગી આવ્યું હતું.

જેથી પોતાની મેળે ઝેરી દવા પી લેતાં અમરેલી સિવિલ હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના પ્રો.એ.એસ.આઈ એ.આર. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# શીત લહેરને ધ્યાને લઈ શાળાનાં સમયમાં ફેરફાર કરવા આદેશ

**જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કચેરીએ ટીપીઓને પત્ર પાઠવ્યો**

અમરેલી, તા.૧૨

છેલ્લાં બે-ત્રણ દિવસથી સમગ્ર રાજયમાં સુસવાટા મારતા ઠંડા પવન ફુંકાઈ રહ્યાં છે. પવનનાં કારણે કડકડતી ઠંડી પડી રહી છે. અમરેલી જિલ્લામાં પણ શીત લહેર હોવાથી સૌથી વધુ અસર બાળકોને થઈ રહી છે. ઠંડીના કારણે વહેલી સવારે શાળાએ જતાં બાળકો ભારે મુશ્કેલીનો સામનો કરતા હોવાથી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરી દ્વારા તમામ તાલુકા પ્રા.શિક્ષણાધિકારીઓને પત્ર પાઠવી જણાવ્યું છે કે, શીત લહેરને કારણે સાવચેતીનાં પગલારૂપે વિદ્યાર્થીઓનાં આરોગ્યને ધ્યાને રાખી જે તાલુકામાં સવારની પાળી ચાલે છે તે શાળાઓમાં અન્ય સૂચના ન મળે ત્યાં સુધી શાળાનો સમય સવારનાં ૮ થી ૧ રાખવા જણાવવામાં આવે છે.

# જૂની હળીયાદ ગામે જરૂરિયાતમંદ લોકોને મેડિકલ સાધનો અપાશે

બગસરા,તા.૧૨

બગસરાના જૂની હળીયાદ ગામે જરૂરિયાતમંદ લોકોને મેડિકલ સાધનો આપવામાં આવશે. વિશ્વ વાત્સલ્ય માનવ સેવા ટ્રસ્ટ બગસરા દ્વારા


તસવીર : હાર્દિક બામટા

ગ્રામીણ વિસ્તારોમાં મહિલા મંડળની કામગીરી ચાલી રહી છે. દાતાના આર્થિક સહયોગથી જ્યોતી મહિલા વિકાસ સંગઠન જુની હળીયાદ દ્વારા, જરૂરિયાતમંદ લોકોને મદદરૂપ થવા માટે વિવિધ મેડિકલ સહાયક સાધનો લોકોને આપવા માટે, વિવિધ મેડિકલ સાધનોથી સજ્જ એક નૂતન કાર્યક્રમનો શુભારંભ, ગામના સરપંચ રમેશભાઈ તથા પ્રાથમિક શાળાના આચાર્ય ભાવેશભાઈના વરદહસ્તે ખુલ્લો મુકવામાં આવેલ હતો.

# અમરેલી જિલ્લાની પાંચ વિધાનસભામાં યુવા કોંગ્રેસ પ્રમુખની વરણી કરાઈ

અમરેલી,તા.૧૨

અમરેલી જિલ્લા યુવક કોંગ્રેસના પ્રમુખ સંદિપભાઈ ધાનાણી દ્વારા અમરેલી જિલ્લામાં યુવક કોંગ્રેસને વધુમાં વધુ મજબૂત બનાવી છેવાડાના માનવીના પ્રશ્નોને વાચા આપવા માટે અમરેલી જિલ્લાની પાંચેય વિધાનસભાના પ્રમુખની નિમણૂક કરવામાં આવી જેમાં અમરેલી વિધાનસભા પ્રમુખ તરીકે આકાશ કાનપરિયા, સાવરકુંડલા વિધાનસભા મતવિસ્તારના પ્રમુખ તરીકે જયરાજભાઈ ખુમાણ, રાજુલા વિધાનસભા મતવિસ્તારના પ્રમુખ તરીકે કરણભાઈ કોટડિયા, ધારી વિધાનસભા મતવિસ્તારના પ્રમુખ તરીકે રોહિતભાઈ સરધારા, લાઠી વિધાનસભા મતવિસ્તારના પ્રમુખ તરીકે ઈમરાનભાઈ ગગદાણીની નિમણૂક કરવામાં આવી હતી. આ નિમણૂંકને અમરેલી જિલ્લાના

**કોંગ્રેસના આગેવાનોએ આ વરણીને આવકારી**

કોંગ્રેસના આગેવાન પરેશભાઈ ધાનાણી, વિરજીભાઈ ઠુંમર, અમરેલી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપભાઈ દુધાત, જેનીબેન ઠુંમર, ઠાકરશીભાઈ મેતલીયા સહિતના કોંગી આગેવાનોએ આવકારી છે.

# સા.કુંડલાનો યુવાન રામદેવરાની પદયાત્રાએ જવા રવાના થયો

સાવરકુંડલા, તા.૧૨

સાવરકુંડલાના હાર્દિક ધીરૂભાઈ પરમાર નામના પદયાત્રી તારીખ ૮ના રોજ સાવરકુંડલાથી રામદેવરા (રણુજા જૂના -રાજસ્થાન) સુધીની પદયાત્રા માટે નીકળેલ છે. આવી કડકડતી ઠંડીમાં યુવાન એકલો પદયાત્રાએ નીકળ્યો છે. આ યુવાન રામદેવપીરમાં અખૂટ



શ્રધ્ધા ધરાવતા હોવાથી આ યુવાન સુખરૂપ રાજસ્થાનના રામદેવરા પહોંચી જાય તે માટે પ્રાર્થના કરવામાં આવી હતી.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)



વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




નવનીત ઓટો સેન્ટર
ગોપી સિનેમા પાસે, સ્ટેશન રોડ,
અમરેલી ફો.૭૫૭૪૮૨૭૩૦૦

મુકેશ સંધાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંધાણી 98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્કિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીગ • ઈન્શ્યુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ
શ્રેષ્ઠ ગ્રાહક સેવા
ગુણવતાયુકત કામ
પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ
મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

# બાંગ્લાદેશમાં હિન્દુઓ પર થતા અત્યાચારના વિરોધમાં બગસરા શહેરમાં આવેદન અપાયું

બગસરા,તા.૧૨

બાંગ્લાદેશમાં છેલ્લા ઘણા સમયથી હિન્દુઓ પર અત્યાચાર કરવામાં આવી રહ્યા છે. આ બાબતે બગસરામાં સમસ્ત હિન્દુ સમાજ દ્વારા શહેરના મુખ્ય માર્ગો પર મૌન રેલી કાઢી મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આવેદનપત્રમાં પૂજનીય સંત ચિન્મય કૃષ્ણદાસજીને તાત્કાલિક મુક્ત કરવા, બાંગ્લાદેશમાં હિન્દુઓ પર થતા આક્રમણોને રોકવા માટે કાયદો લાવવો, હિન્દુ ધાર્મિક સ્થળોની સુરક્ષા વધારવા સહિતની માંગો ઉચ્ચારી હતી અને મામલદારને આવેદન આપવામાં આવ્યું હતું.


તસવીર : હાર્દિક બામટા

રેલીમાં સમસ્ત હિન્દુ સમાજના આગેવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા. જેમાં આશરે ૧૦૦ થી ૧૫૦ લોકો હાથમાં બેનરો લઈ વડાપ્રધાન સુધી આ રેલીના પડઘા પડે તે હેતુથી શહેરના તમામ હિન્દુ સમાજના આગેવાનો સાથે મળીને મૌન રેલી યોજી હતી અને આવેદન આપવામાં આવ્યું હતું.

# ચલાલામાં ગાયત્રી પરિવાર દ્વારા નેત્રયજ્ઞ, દંતયજ્ઞ તથા સર્વરોગ કેમ્પ યોજાયો

અમરેલી,તા.૧૨

ચલાલામાં અવિરત સેવાકાર્યો કરનાર યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ચલાલા દ્વારા તાજેતરમાં ૨૭૩ મો વિનામૂલ્યે નેત્રયજ્ઞ, દંતયજ્ઞ તથા સર્વરોગ કેમ્પ યોજાયો હતો. આ પ્રસંગે સંસ્થાના વડા ડો.રતિદાદા, રાજનીભાઈ સોની મહાજન અને ડોકટરો દ્વારા દીપ પ્રગટ્ય કરવામાં આવ્યું હતું. પુ.ડો. રતિદાદાએ બધાને સારૂ થઈ જાય પછી બીજાનું ભલું કરવું તેવી ભગવાનને પ્રાર્થના કરી હતી. સાથે વ્યસન મુક્ત રહેવું, સત્યનું પાલન કરવું અને બધા સાથે હળી-મળીને રહેવું તેમ જણાવ્યું હતું. કેમ્પમાં જરૂરીયાતમંદ ૩૭ દર્દીઓને રણછોડદાસ બાપુ ચેરીટેબલ હોસ્પિટલ ખાતે લઈ જઈ અને ફેકો મશીન દ્વારા ઓપરેશન કરી નેત્રમણી પણ વિનામૂલ્યે બેસાડવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા ભારત ભૂષણ મહેશભાઈ, મંજુબા તથા શીતલબેન વગેરેએ ખુબ જહેમત ઉઠાવી હતી.



## પાડરશીંગા ગામ પાસે બુલેટ આડું શ્વાન ઉતરતાં સર્જાયેલા અકસ્માતમાં એકનું મોત

દામનગર, તા.૧૨

દામનગરના પાડરશીંગા ગામ પાસે બુલેટ આડું શ્વાન ઉતરતાં સર્જાયેલા અકસ્માતમાં એકનું મોત થયું હતું. જ્યારે એક ઘાયલ થયો હતો. ગારીયાધારના અકતરીયા ગામે રહેતા દીલાવરખાન મહમદખાન બ્લોચ (ઉ.વ.૫૭)એ જાહેર કર્યા પ્રમાણે, તેમનો ભત્રીજો ઈનાયતભાઈ નવાબખાન ભોજવાણી (ઉ.વ.૨૫) બુલેટ લઈને પાડરશીંગા ગામ પાસેથી પસાર થતો હતો ત્યારે રસ્તા પર કૂતરું આડું ઉતરતાં મોટર સાયકલ પરનો કાબુ ગુમાવતાં રોડ પરથી નીચે ઉતરી ગઈ હતી. જેથી વાડીના તારના ફેન્સિંગ સાથે માથું ભટકાતાં ગંભીર ઈજા થવાથી મોત થયું હતું. જ્યારે પાછળ બેઠેલાને મુંઢ ઈજા પહોંચી હતી. દામનગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ વી.આર. ડાભી વધુ તપાસ કરી રહ્યા છે.

## જિલ્લામાંથી નશામાં અને બેફીકરાઈથી વાહન ચલાવતાં ૨૦ ઝબ્બે

અમરેલી, તા.૧૨

અમરેલી જિલ્લામાંથી પોલીસે નશામાં અને બેદરકારીથી વાહન ચલાવતાં ૨૦ લોકોને ઝડપી લીધા હતા. જિલ્લામાં વિવિધ સ્થળેથી ૨૪ શખ્સો પાસ પરમીટ વગર કેફી પીણું પીને જાહેરમાં વાહન ચલાવતાં મળી આવ્યા હતા. બે મહિલા સહિત ૧૨ ઈસમો પાસેથી પીવાનો દેશી દારૂ પકડાયો હતો.

## ચલાલામાં દાનમહારાજના પુણ્યના પ્રતાપે શહેરમાં સતત વહેતી સેવાની સરવાણી

ચલાલા, તા.૧૨

ચલાલામાં દાનમહારાજના પુણ્યના પ્રતાપે શહેરમાં સતત સેવાની સરવાણી વહી રહી છે. જેમાં મહાદેવપરા વિસ્તારમાં પણ અનેક પ્રકારના સેવાકાર્ય અવિરત પણે ચાલુ છે. હાલ દિવ્ય અને અતિ ભવ્ય કલાત્મક રામજી મંદિરનું નવનિર્માણ કાર્ય વેગવંતુ છે તથા અબોલ અને સદાય કરૂણાનાં પાત્ર અને વગર જોળીનાં ભીખારી સમાન હજારો પક્ષીઓ માટે કાયમી સદાવ્રત એટલે અદ્યતન ચબુતરો પક્ષીઘર તથા પશુપક્ષીઓ માટે શિતળ જળની કાયમી વ્યવસ્થા માટે અવેડાઓ અને રાહદારીઓ માટે વોટરકુલર યુક્ત શિતળ જળનું પરબ તેમજ વટેમાર્ગુઓને વિસામો ખાવાં બાપા સીતારામની મઢુલી તેમજ નિરાધાર પશુઓને ઘાસચારો સહિતનાં અનેકવિધ સેવાકાર્ય ચાલી રહ્યા છે.

## ધારીમાંથી યુવતી લાપતા બની

ધારી, તા.૧૨

ધારીમાં રહેતી એક યુવતી ઘરેથી કોઈને કહ્યા વગર ચાલી નીકળી હતી. બનાવ અંગે પ્રેમજીભાઈ કરશનભાઈ ખેતરીયા (ઉ.વ.૪૬)એ જાહેર કર્યા મુજબ, તેમની પુત્રી સગુણાબેન પ્રેમજીભાઈ ખેતરીયા (ઉ.વ.૧૯) અઠવાડિયા પહેલા ઘરેથી કોઈને કહ્યા વગર જતી રહી હતી. તેની અનેક શોધખોળ કરવા છતાં કોઈ ભાળ મળી નહોતી. ધારી પોલીસ સ્ટેશનના એએસઆઈ એ.વી. જુણેજા વધુ તપાસ કરી રહ્યા છે.

## બગસરાના નવા વાઘણીયા ગામે દીકરીની સતામણી કરવા બદલ માતાએ ઠપકો આપતાં ધમકી આપી

**યુવતી પાંચ મહિના પહેલા અભ્યાસ માટે લકઝરી બસમાં જતી હતી ત્યારે તેની જાતીય સતામણી કરી લાફો માર્યો**

બગસરા, તા.૧૨

બગસરાના નવા વાઘણીયા ગામે એક દીકરીની જાતીય સતામણી કરવા બદલ ઠપકો આપવા જતાં સારું નહોતું લાગ્યું અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

વિલાસબેન મુકેશભાઈ સતાણી (ઉ.વ.૪૮)એ રિતેશભાઈ હસમુખભાઈ બાબરીયા સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમની દીકરી પાંચ મહિના પહેલા અભ્યાસ માટે લકઝરી બસમાં જતી હતી ત્યારે તેની જાતીય સતામણી કરી લાફો માર્યો હતો. તેમજ ઠપકો આપતાં સારું નહોતું લાગ્યું અને મુંઢમાર મારીને જાનથી મારવાની ધમકી આપી હતી. બગસરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી.ડી. વાળા વધુ તપાસ કરી રહ્યા છે.






## જિલ્લામાંથી ૯ પ્યાસી પકડાયા

અમરેલી, તા.૧૨

અમરેલી જિલ્લામાંથી પોલીસે વિવિધ જગ્યાએથી ૯ પ્યાસીને ઝડપી પાડ્યા હતા. તમામને લોકઅપની હવા ખવડાવી હતી. જ્યારે છ લોકો નશાની હાલતમાં વાહન ચલાવતાં પકડાયા હતા.












### તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં

જન્મ / મરણ અરજી નં.૨૩૨/૨૦૨૪

અરજદાર :- શ્રી બારૈયા અરૂણાબેન પ્રકાશભાઈ
સરનામું :- મું.પરશુરામ સોસાયટી, જાફરાબાદ, તા.જાફરાબાદ, જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને ચીફ ઓફીસરશ્રી-જાફરાબાદ મું.જાફરાબાદ, તા.જાફરાબાદ જિ.અમરેલી

**:: નોટીસ ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના જાફરાબાદ** ગામના શ્રી **બારૈયા અરૂણાબેન પ્રકાશભાઈ** એ તેમની **પુત્રી નામે શ્રી બારૈયા પ્રજ્ઞાબેન પ્રકાશભાઈનો જન્મ તા.૩૦/૦૯/૨૦૧૮ના** રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી **ઉમેશભાઈ વી. વરૂ** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના **જન્મ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૨૯ માહે.નવેમ્બર સને.૨૦૨૪નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ :- ૨૯/૧૧/૨૦૨૪

(કોર્ટનો સિક્કો)

સહી,
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ







ભાવનગર રેન્જ આઈજીપીની સૂચનાથી

# અમરેલી સહિત ત્રણ જિલ્લામાં સઘન કોમ્બિંગ નાઈટની કામગીરી હાથ ધરાઈ

**ટ્રાફિક નિયમોનો ભંગ કરતા વાહનચાલકોને કુલ રૂ.૯૦,૨૦૦નો દંડ**

અમરેલી, તા.૧૨

ભાવનગર રેન્જ હેઠળના ભાવનગર, અમરેલી તથા બોટાદ જિલ્લામાં બે દિવસ જિલ્લામાં કોમ્બિંગ નાઈટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કોમ્બિંગ નાઈટની કામગીરીમાં આઈજીપી અમરેલી જિલ્લાના પોલીસ અધિક્ષક, ભાવનગર જિલ્લાના પોલીસ અધિક્ષક પણ સહરહુ કોમ્બિંગ નાઈટની કામગીરીમાં જોડાયા હતા. તદ્ઉપરાંત ભાવનગર રેન્જના તમામ ૭ ડિવિઝનના એએસપીઓ તથા ડીયાએસપીઓએ પણ સક્રિય કામગીરી કરેલ હતી. આઈજીપીની સૂચના અન્વયે ડિવિઝનના અધિકારીઓને (ડીવાયએસપી) ઈન્ટર (ક્રોસ) ડિવિજન કામગીરી સોંપવામાં આવેલ હતી. કોમ્બિંગ નાઈટ કામગીરીમાં ત્રણેય જિલ્લાના એલસીબી, એસઓજી, ટ્રાફિક, પેરોલ ફર્લો, વિવિધ પોલીસ સ્ટેશન થાણા અમલદારો સહિત કુલ ૪૦ પોલીસ ઈન્સ્પેક્ટર્સ, ૫૫ પોલીસ સબ ઈન્સ્પેક્ટર્સ તથા ૮૦૦ પોલીસ કર્મચારી જોડાયા હતા. આ કોમ્બિંગ નાઈટની કામગીરીમાં ત્રણેય જિલ્લાઓ ખાતે કુલ ૮૪ નાકાબંધી પોઈન્ટ ઉભા કરી ૩૫૦૦ વાહનોને ચેક કરવાની સઘન કામગીરી હાથ ધરવામાં આવતાં કેફી પીણું પીધેલી હાલતમાં વાહન ચલાવવા અન્વયે કુલ ૫૭ ગુનાઓ નોંધવામાં આવ્યા હતા તથા મોટર વ્હીકલ એકટની કલમ ૨૦૭ અન્વયે કુલ ૧૪ વાહનો ડિટેઈન કરવામાં આવેલ હતા. ટ્રાફિક નિયમોનો ભંગ કરતા વાહન ચાલકો ઉપર કુલ રૂ.૯૦,૨૦૦નો દંડ ફટકારવામાં આવેલ હતો. કોમ્બિંગ નાઈટની કામગીરી સબબ ભાવનગર, અમરેલી તથા બોટાદ જિલ્લાના શરીર સંબંધી તથા મિલકત સંબંધી આરોપીઓની હિલચાલ ઉપર ચાંપતી નજર રાખવાના હેતુથી કુલ ૨૭૫ હિસ્ટ્રીશીટર્સ તથા ૬૨૭ મિલકત સંબંધિત આરોપીઓને ચેક કરવામાં આવેલ હતા. જે અંતર્ગત ધારી પોલીસ સ્ટેશનના પોક્સોના નાસતા ફરતા આરોપી કાળુ હિંમતભાઈ રાણાવાળીયા તથા બગસરા પોલીસ સ્ટેશનના પ્રોહિબિશનના નાસતા ફરતા આરોપી રવી બદરુભાઈ વાળાનાઓને પોલીસ દ્વારા ઝડપી લેવામાં આવેલ હતા. કોમ્બિંગ નાઈટ દરમિયાન ભાવનગર, અમરેલી તથા બોટાદ જિલ્લાના વિવિધ બુટલેગર્સ ઉપર પોલીસ દ્વારા સફળ રેઈડ કરી પ્રોહિબિશનના કુલ ૩૧ ગુનાઓ નોંધવામાં આવેલ છે. કુલ ૧૧૧ ઈસમોને પોલીસ દ્વારા વોરંટની બજવણી અંગેની અસરકારક કામગરી કરેલ હતી. કોમ્બિંગ નાઈટની કામગીરી દરમિયાન વિવિધ નાકા પોઈન્ટ પરના પોલીસ અધિકારીઓ અને પોલીસ કર્મચારીઓની સતર્ક કામગીરીને ધ્યાનમાં રાખીને આઈજીપી દ્વારા ૦૪ અધિકારીઓને પ્રશંસાપત્ર તથા ૨૬ પોલીસ કર્મચારીઓને કુલ રૂ.૧૩,૦૦૦ના રોકડ ઈનામથી પુરસ્કૃત કરેલ છે.

## ભારતીય સેનામાં તાલીમ પૂર્ણ કરી પરત ફરનારનું ઝાપોદરમાં ભવ્ય સ્વાગત કરાયું

રાજુલા, તા.૧૨



રાજુલા તાલુકાના નાના ગામ ઝાપોદરમાં ખુશીનો માહોલ હતો. ગામનો યુવાન કેતનભાઈ દાનાભાઈએ ભારતીય સેનામાં તાલીમ પૂર્ણ કરીને વતન પરત ફર્યો હતો. તેમના સ્વાગતમાં ગામલોકોમાં અનોખો ઉત્સાહ જોવા મળ્યો હતો. રાજુલા માર્કેટિંગ યાર્ડથી રેલી સ્વરૂપે કેતનભાઈને નવા ઝાપોદર ગામે લાવવામાં આવ્યા હતા. ત્યારબાદ સરપંચ એસોસિએશનના પ્રમુખ અને ઝાપોદરના સરપંચ મનુભાઈ ધાખડાના નિવાસસ્થાને તેમનું ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું. ગામના આગેવાનો, સરપંચ અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## ઊંટવડના આયુષ્યમાન આરોગ્ય મંદિરને NQAS સર્ટિફિકેટ પ્રાપ્ત થયું

બાબરા, તા.૧૨



બાબરા તાલુકાનાં ઊંટવડ ગામના આયુષ્માન આરોગ્ય મંદિરની NQAS (National Quality Assurance Standards) સર્ટિફિકેટ માટે પસંદગી થઈ છે. આ માટે ૨૨ નવેમ્બરે રાષ્ટ્રીય કક્ષાની ટીમ આરોગ્ય મંદિરની મુલાકાતે આવી હતી. આ આયુષ્માન આરોગ્ય મંદિરને ૯૧ ટકા સાથેનું NQAS સર્ટિફિકેટ આપ્યું છે. આ સિધ્ધિ પ્રાપ્ત કરવામાં જિલ્લા કક્ષાએથી CDHO ડો.આર.એમ.જોષી, QAMO ડો. આર.કે.જાટ, RCHO ડો.એ.કે.સિહ, DMO-ડો.એ.કે.સિહ, SMO ડો. વિ.જે.અગ્રાવત તેમજ જિલ્લા ક્વોલિટી ટીમ તેમજ તાલુકા કક્ષાએથી THO ડો.આર.આર. મકવાણા, THS રાજુભાઈ સલખણા, ડો.મહેશભાઈ ગોહિલ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કોટડાપીઠા મેડિકલ ઓફિસર ડો.વત્સલ માકાસણા અને વૈદ્ય ભાવેશભાઈ તાગડીયા, સુપરવાઈઝર મેહુલભાઈ ડાંગર અને મુક્તાબેન ધડુક વગેરે સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

## અમરેલી ખાતે સુમન સેવા ટ્રસ્ટ દ્વારા સમૂહલગ્ન યોજાયા



અમરેલી, તા.૧૨

અમરેલી ખાતે હાલમાં લગ્નની મોસમ પૂરબહાર ખીલી છે. ત્યારે અમરેલી જિલ્લાની અનેક સંસ્થાઓ દ્વારા સમૂહલગ્ન યોજાય છે. અમરેલી ખાતે સુમન સેવા ટ્રસ્ટ દ્વારા તા.૮ના રોજ સમૂહલગ્ન યોજાયા હતા. જેમાં યુગલોએ પ્રભુતામાં પગલા પાડ્યા હતા.

## વી.ડી. ઘેલાણી આર્ટ્સ કોલેજમાં ધામધૂમથી ગીતા જયંતી ઉજવાઈ

સાવરકુંડલા, તા.૧૨



શ્રી નૂતન કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી વી.ડી. ઘેલાણી મહિલા આર્ટ્સ કોલેજમાં આજે ગીતા જયંતીની ઉજવણી અત્યંત ધામધૂમથી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં કોલેજના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમની શરૂઆત ગીતાના પૂજન-અર્ચનથી કરવામાં આવી હતી. આચાર્ય ચાવડાએ ગીતાના મહત્વ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. ટી.વાય. બી.એ.ની વિદ્યાર્થિનીઓએ ગીતાના શ્લોકોનું સુંદર ગાન કર્યું હતું. આ ઉપરાંત, વિદ્યાર્થિનીઓએ ગીતા અને શ્રીકૃષ્ણ પર આધારિત વક્તવ્યો આપ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. પ્રતિમા એમ. શુક્લ દ્વારા કરવામાં આવ્યું હતું અને આભારવિધિ પ્રા. કે.બી. પટેલે કરી હતી.

## બાબરાના દરેડ ગામની સીમમાં બળતણ નહીં લેવા મુદ્દે મહિલાને માથામાં લાકડાનો ઘા માર્યો

**મહિલાએ મુન્ના નામના શખ્સ સામે બાબરા પોલીસમાં ફરિયાદ નોંધાવી**

બાબરા, તા.૧૨

બાબરાના દરેડ ગામની સીમમાં મહિલાને બળતણ નહીં લેવા મુદ્દે માથામાં લાકડાનો ઘા માર્યો હતો. બનાવ અંગે રૂડીબેન રાણાભાઈ શિરોળીયા (ઉ.વ.૪૫)એ મુન્નાભાઈ પોપટભાઈ ડેરવાળીયા સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ તથા સાહેદ તખુબેન દરેડ ગામના સીમ વિસ્તારમાં બળતણ (લાકડા) લેવા ગયા હતા. આ દરમિયાન આરોપીએ આવી બળતણ નહીં લેવા બાબતે તેમની સાથે બોલાચાલી કરી એકદમ ઉશ્કેરાઈ જઈ સુલેહનો ભંગ કર્યો હતો. તેમજ ગાળો આપી આરોપીના હાથમાં રહેલા લાકડાનો ઘા માથામાં મારતાં બે ટાકા આવ્યા હતા. તેમજ એક ઘા સાથળના ભાગે મારતા મુંઢ ઈજા થઈ હતી. બાબરા પોલીસ સ્ટેશનના એએસઆઈ પી.એ. ગોહિલ વધુ તપાસ કરી રહ્યા છે.

## ધારીમાં બોલેરો ખરીદવાના બહાને યુવકને ૩.૪૦ લાખનો ધુંબો માર્યો

ધારી, તા.૧૨

ધારીમાં એક યુવકને બોલેરો ખરીદવાના બહાને ૩.૪૦ લાખનો ધુંબો મારવામાં આવ્યો હતો. બનાવ અંગે મહેબુબભાઈ સુલેમાનભાઈ મહેતર (ઉ.વ.૪૬)એ જીગરભાઈ પ્રેમજીભાઈ કોટક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીએ તેમને બોલેરો પીકઅપ ખરીદવાના બહાને રૂ.૩,૪૦,૦૦૦ લઈને ગાડી નહીં આપી છેતરપિંડી અને વિશ્વાસઘાત કર્યો હતો.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિઃ તેરસ
તા. ૧૩-૧૨-૨૦૨૪, શુક્રવાર, સૂર્યોદય-૦૭:૦૫,
સૂર્યાસ્ત-૦૫:૨૫, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્રઃ ભરણી

## દૈનિક રાશિફળ

**તા.૧૩-૧૨-૨૦૨૪ શુક્રવાર**

મેષઃ આજે તમારા માટે શુભ દિવસ છે અને તમારા અટકેલા પૈસા ફ્રી મળી શકે છે. પ્રતિષ્ઠા અને સંપત્તિ પ્રાપ્ત થવાના સંકેતો છે અને નસીબ પણ તમને ટેકો આપે છે.

વૃષભઃ આજનો દિવસ શુભ દિવસ છે અને ભાગ્યની મદદથી તમને તે બધું મળશે જેનો તમે વિચાર કરી રહ્યા હતા. કાર્યસ્થળમાં સ્થળાંતર થવાની સંભાવનાઓ છે.

મિથુનઃ આજનો દિવસ ખૂબ વ્યસ્ત છે અને તમે આજે કોઈ કામમાં ફસાઈ જશો. આજે કેટલીક વિશેષ વ્યવસ્થા કરવામાં ખર્ચ કરવામાં આવશે.

કર્કઃ આજે તમારી રાશિના ગ્રહોના વિશેષ યોગથી દરેક કાર્યમાં સફળતા પ્રાપ્ત થશે. આજે તમારી પ્રતિષ્ઠા વધશે અને તમારી લોકપ્રિયતા પણ વધશે.

સિંહઃ આજનો દિવસ તમારા માટે વ્યસ્ત બની શકે છે. આજે બપોર સુધીમાં જો તમે તમારા છૂટાછવાયા વ્યવસાયને યોગ્ય રીતે પૂરા કરો તે યોગ્ય રહેશે.

કન્યાઃ આજનો દિવસ તમારા માટે શુભ દિવસ છે અને આજે તમને ક્યાંકથી મોટી રકમની અપેક્ષા છે. અચાનક મોટી રકમની આવકને કારણે ભંડોળમાં વધારો થશે.

તુલાઃ આજનો દિવસ તમારા માટે ખૂબ વ્યસ્ત રહેશે. આજે ભાગદોડ રહેશે. તમારે તમારા જીવનસાથીના સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું પડશે, તમારું સ્વાસ્થ્ય પણ નરમ રહેશે.

વૃશ્ચિકઃ આજે તમને સફળતા મળશે. આજે તમારી ઇચ્છા પૂર્ણ થશે અને તમને સફળતા મળશે. શુભ કાર્યો સ્થાનિક સ્તરે પણ ગોઠવી શકાય છે.

ધનઃ આજે તમારો દિવસ કેટલાક મામલે પ્રતિકૂળ હોઈ શકે છે. આજે તમને ક્યાંકથી સારો નફો મળી શકે છે પરંતુ તમારો ખર્ચ પણ ક્યાંક વધી શકે છે.

મકરઃ આજનો દિવસ તમારા માટે આનંદદાયક અને શુભ છે. આજે તમે તમારા માટે સમય આપશો અને તમને ગમતી વસ્તુઓ કરવા માટે સમર્થ હશો.

કુંભઃ આજે તમારો દિવસ ખૂબ વ્યસ્ત રહેવાનો છે. કોઈ નિષ્ણાતની સલાહ ભવિષ્યમાં તમારા માટે ઉપયોગી સાબિત થશે.

મીનઃ આજે તમારો દિવસ દાનમાં વિતાવશો. તમારે સંવેદનશીલતાથી તમારી જાતની સંભાળ લેવી પડશે. તમે આજે કેટલાક લોકોને મદદ કરશો.


વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com

નિકુંજભાઈ (મો)૭૩૫૯૦ ૪૩૨૪૧
મહાદેવ મોટર્સ
MARUTI SUZUKI | TATA | Mahindra | HYUNDAI | TOYOTA
દરેક પ્રકારની ડીઝલ - પેટ્રોલ કારનું મીકેનીકલ કામ તથા એલ.પી.જી. અને સી.એન.જી. રીપેરીંગ તેમજ એ.સી તથા બ્રેક ડાઉન વિશ્વાસપાત્ર રીપેર કરી આપીશું તેમજ વોશિગ કરી આપીશું
લીલીયા રોડ, બાયપાસ ચોકડી, દાદાભગવાન મંદિરની આગળ, ખારા વાડી, અમરેલી

અરોમા પ્રિમીયમ બોડી સ્પા
ધમાકા ઓફર AROMA PREMIUM BODY SPA ધમાકા ઓફર
લેડીઝ માટે Rs.699/-
કપલ માટે Rs.1299/-
ભાઈઓ માટે એક સાથે એક ફ્રિ
એપોઈન્ટમેન્ટ માટે M.8238599299
સરદાર કોમ્પલેક્ષ, કૈલાશ મુક્તિધામની સામે, કેરીયા બાયપાસ ચોકડી પાસે, અમરેલી-૩૬૫૬૦૧

ડ્રીમ ફેમિલી સ્પા – ધમાકા ઓફર
Dream Family spa Ladies & Gents
ડ્રીમ ફેમેલી સ્પા
ભાઈઓ માટે Rs.1399/- માં પ્રિમીયમ મસાજ એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૬૦ મિનીટ (૧ કલાક)
બહેનો માટે Rs.699/- માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1199/- માં પ્રિમીયમ મસાજ
Appointment Now Mo.8160832025
અયોધ્યા એપાર્ટમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર, B વિભાગ, રોયલ અમોઝોન પાર્કની બાજુમાં અમરેલી.


તંત્રી લેખ

# રાજ્યસભામાં અધ્યક્ષ વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ

ભારતના ઈતિહાસમાં હજુ સુધી એક પણ વખત ન બન્યો હોય તેવો બનાવ બન્યો છે. રાજ્યસભામાં ઉપરાષ્ટ્રપતિ પર અવિશ્વાસનો પ્રસ્તાવ વિપક્ષી સાંસદોએ મૂક્યો છે. ૬૫ સભ્યોની વિપક્ષની લોબીએ પ્રથમ વખત ઉપરાષ્ટ્રપતિ પર હદથી વધુ પક્ષપાતનો આરોપ મૂક્યો છે અને તેના પર અવિશ્વાસ વ્યક્ત કર્યો છે. તેમને વધુમાં જણાવ્યું કે ઉપરાષ્ટ્રપતિ હદથી વધારે સત્તાધારી પક્ષનો પક્ષપાત કરે છે અને આ કારણે અમે તેના પર અવિશ્વાસનો પ્રસ્તાવ લાવી રહ્યા છીએ તેમણે રાજ્યસભાના મહાસચિવને આ બાબતની નોટિસ આપી દીધી છે આ નોટિસ માટે ૧૪ દિવસનો સમય જરૂરી છે. આ નોટિસ રાજ્યસભાના મહાસવિ પી.સી. મોદીને સોંપાઈ હતી. તે પહેલા ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ અને વિપક્ષી પાર્ટીઓના નેતાઓ વચ્ચેનો સંઘર્ષ સોમવારે પરાકાષ્ઠાએ પહોંચી ગયો હતો. કોંગ્રેસ ઉપરાંત, આરજેડી, ટીએમસી, સીપીઆઈ, સીપીઆઈ-એમ, ઝારખંડ મુક્તિ મોર્ચો, આમ આદમી પાર્ટી, ડીએમકે સહિત લગભગ ૬૦ જેટલા વિપક્ષી સાંસદોએ નોટિસ પર સહી કરી હતી. વર્તમાન પરિસ્થિતિ મુજબ અવિશ્વાસ પ્રસ્તાવ પાસ કરવો મુશ્કેલ લાગે છે. કારણકે વિપક્ષે ૧૦ ડિસેમ્બરે નોટિસ આપી હતી અને શિયાળુ સત્ર ૨૦ ડિસેમ્બરે સમાપ્ત થઈ રહ્યું છે. આનો અર્થ એ થયો કે પ્રસ્તાવ પર ચર્ચા કરવા અને મતદાન કરવા માટે ખૂબ ઓછો સમય બાકી છે. રાજ્યસભામાં સભાપતિને હટાવવા માટે સામાન્ય બહુમત જરૂરી છે. એટલે કે, પ્રસ્તાવ પાસ કરવા માટે કુલ સભ્યોના અડધાથી વધુ સભ્યોનું સમર્થન જરૂરી છે. હાલમાં રાજ્યસભામાં ૨૩૭ સભ્યો છે, જેનો અર્થ એ થયો કે પ્રસ્તાવ પાસ કરવા માટે ૧૨૦ સભ્યોનું સમર્થન જરૂરી છે. વિપક્ષ પાસે આટલા સભ્યોનું સમર્થન મેળવવું મુશ્કેલ હોઈ શકે છે.

રાજ્યસભામાં પ્રસ્તાવ પાસ થયા પછી પણ, તેને લોકસભામાં પણ પાસ કરવો જરૂરી છે. લોકસભામાં સરકાર પાસે સ્પષ્ટ બહુમત હોય છે, જેના કારણે લોકસભામાં પ્રસ્તાવ પાસ થવાની શક્યતા ઓછી હોય છે. અવિશ્વાસ પ્રસ્તાવ એ એક પ્રકારનો પ્રસ્તાવ છે જેમાં વિપક્ષ સરકાર પર અવિશ્વાસ વ્યક્ત કરે છે અને સરકારને રાજીનામું આપવા માટે દબાણ કરે છે. ભારતની સંસદના બે ગૃહ છે - રાજ્યસભા અને લોકસભા. રાજ્યસભાને ઉચ્ચ ગૃહ અને લોકસભાને નીચલું ગૃહ કહેવામાં આવે છે. સામાન્ય બહુમત એટલે કુલ સભ્યોના અડધાથી વધુ સભ્યોનું સમર્થન. ઉપર જણાવેલા કારણોને ધ્યાનમાં રાખતાં, આપેલ પરિસ્થિતિમાં અવિશ્વાસ પ્રસ્તાવ પાસ થવાની શક્યતા ઓછી લાગે છે. ઉપરાષ્ટ્રપતિને કેવી રીતે હટાવી શકાય છે? બંધારણના અનુચ્છેદ ૬૭ બી અને ૯૨માં તેની જોગવાઈ છે, રાજ્યસભામાં ઓછામાં ઓછા ૫૦ સાંસદોના હસ્તાક્ષરથી પ્રસ્તાવ લાવવા માટે ૧૪ દિવસની નોટિસ આપવી પડે છે. વિપક્ષે ૧૦ ડિસેમ્બરે નોટિસ આપી હતી. શિયાળુ સત્ર ૨૦ ડિસેમ્બરે સમાપ્ત થઈ રહ્યું છે. સભાપતિને હટાવવા માટે રાજ્યસભામાં સામાન્ય બહુમત જરૂરી છે. ગૃહમાં હાલ ૨૩૭ સભ્ય છે. એવામાં પ્રસ્તાવ પાસ કરવા માટે ૧૨૦ સભ્યોનું સમર્થન જરૂરી છે. જોકે, બાદમાં લોકસભામાં પણ બહુમત મેળવવો જરૂરી છે. જો આ શક્ય બને તો ઉપરાષ્ટ્રપતિ સામે અવિશ્વાસનો પ્રસ્તાવ પાસ થઈ શકે.

# વિજ્ઞાન અને આધ્યાત્મિકતાનો સમન્વય જ વિશ્વને સાચી દિશા આપશે



પ્રાસંગિક
સુરેશ દેસાઈ

આપણે સર્વે થ્રીડી વર્ડમાં જીવી રહ્યા છે. આપણું ભૌતિક જગત જે દ્રશ્યમાન છે તે વિરાટ વિશ્વનો એક અંશ પણ નથી. આ જગત ત્રણ ડાઈમેન્શનનું બનેલું છે આથી થ્રીડી વર્ડ કહેવાય છે. જેને લંબાઈ પહોળાઈ ઉંચાઈ અને વજન છે પરંતુ આ સિવાયનું એક સૂક્ષ્મ જગત છે જે આંતરિક જગત છે તેનું હજુ પાંચ ટકા પણ સંશોધન થયું નથી તે હકીકત છે. આંતરિક બાબતો વિશેનું આપણું જ્ઞાન ખૂબ ધીમે વિકસી રહ્યું છે. ૨૦૦૫ના વર્ષમાં પદાર્થના અણુની-ન્યુક્લિયસની વધુ જાણકારી પ્રાપ્ત થઈ તેથી તે વર્ષ ભૌતિક વિજ્ઞાનના વર્ષ તરીકે ઉજવાયું. ડી.એન.એ.ની શોધ દ્વારા વોટસન અને ક્રિકે વિશાળ દ્વાર ખોલી નાખ્યાં છે. સતત થતા અનુભવો દર્શાવે છે કે માનવીના ભવિષ્યનો વિકાસ બહારના પ્રદેશમાં નહીં થાય પરંતુ ચેતનાના ગહન સ્તરે થશે. વર્તમાન વિજ્ઞાનનું શાસ્ત્રીય દર્શન અપૂર્ણ છે. તેણે વાસ્તવિકતાના પ્રાથમિક ઘટક તરીકે ચેતનાને પણ ધ્યાનમાં લેવી જોઈશે.

વિશ્વના ઈતિહાસમાં માનવજાત વિકાસના શ્રેષ્ઠ રોમાંચક તબક્કામાંથી પસાર થઈ રહી છે. એક તરફ આપણે કૃષિયુગથી ઔદ્યોગિક યુગ અને તેથી આગળ જ્ઞાનયુગ તરફ આગળ વધી રહ્યા છીએ. બીજી બાજુ વિજ્ઞાન અને અધ્યાત્મના અગ્રણીઓ પહેલાં કરતાં વધુ સન્માનપૂર્વક એકબીજાની વધુ નજીક આવી રહ્યા છે. પરિવર્તનશીલ જગતમાં સિદ્ધાંતો અને માન્યતાઓને સત્ય માનવાનું ચાલુ રાખીશું? વિજ્ઞાન અને અધ્યાત્મનો સમન્વય શી રીતે સાધી શકાશે? હવે પછીની સદી કેવી હશે?

કોલિન્સની ડિક્ષનરીમાં વિજ્ઞાનને જ્ઞાનની એક શાખા તરીકે વ્યાખ્યાયિત કરતાં લખે છે કે વિજ્ઞાન હકીકતો, સિદ્ધાંતો અને પદ્ધતિઓને વ્યવસ્થિત રૂપ આપે છે. અધ્યાત્મની ચર્ચા કરતી વખતે સ્વામી વિવેકાનંદના શબ્દો યાદ આવે છે, "સમગ્ર વિશ્વ, વિવિધતામાં એકતા અને એકતામાં વિવિધતાની તથા સીમિત અને અસીમ વચ્ચેની રમત છે.'' જ્ઞાનયુક્ત સમાજના આ યુગના પ્રારંભે આપણે પૌરાણિક ઉપનિષદ્‌ના શબ્દો યાદ કરીએ કે જ્ઞાન આપણી નિયતિ છે. જ્ઞાન પ્રાપ્ત કરવું એ આપણું પરમ ધ્યેય છે. જ્ઞાન શું છે? અંતિમ ધ્યેય શું છે? શું ઈશ્વર વિશે જાણવું એ શ્રેષ્ઠ જ્ઞાન છે? શું ઈશ્વરની જાણકારી દ્વારા માણસ પોતાની જાતને પિછાણે છે? અથવા 'સ્વ'ની ઓળખ દ્વારા ઈશ્વરની જાણકારી મેળવે છે? પીટર રસેલના પુસ્તક 'From Science to God'માં દર્શાવ્યું છે કે ઈતિહાસમાં આધ્યાત્મિક નવજાગરણનું ક્યારેય વર્ચસ્વ રહ્યું નથી. આવા નવજાગરણની શક્યતા પણ નથી રહી. બહારના જગતનું આપણું જ્ઞાન ખૂબ ઝડપે વધી રહ્યું છે. આ જ્ઞાન આપણને પરિસ્થિતિને અનુરૂપ જરૂરી પરિવર્તન લાવવાની શક્તિ અને કુશળતા આપે છે.

ગ્રીન રેવોલ્યુશન બાદ હવે શ્વેત ક્રાંતિ અને શ્વેત ક્રાંતિ બાદ હવે બ્રાઉન રિવોલ્યુશન આવી રહ્યું છે તે ત્રીજા વિશ્વ (થર્ડ વર્લ્ડ) માટે આશાસ્પદ બની રહેશે. ધરતીનો છઠ્ઠો ભાગ રણથી છવાયેલો છે. ગુજરાત જેવા રાજ્યમાં ૬૦%થી વધારે આકાશી (વરસાદના પાણી આધારિત) ખેતી છે. પાણીની જાળવણી અને તેના યોગ્યતમ ઉપયોગ જણાવતી ટેકનોલોજી પાકના વૈપુલ્ય માટે અને પાણીના બચાવ માટે બહુ આશાસ્પદ પરિણામ દેખાડે છે. સાઉદી અરેબિયા, અબુધાબી અને એરીઝોનામાં કરવામાં આવેલ પ્રયોગ દર્શાવે છે કે રણને ફળદ્રુપ બનાવી શકાય છે. ૧૯૮૭ના વર્ષ સુધીમાં સાઉદી અરેબિયાએ નિયંત્રિત પર્યાવરણ તંત્ર (કન્ટ્રોલ એન્વાયરમેંટ)ના નવા પ્રકારના વપરાશ દ્વારા પોતાના દેશની જરૂરિયાત કરતાં ત્રણ ગણા અનાજનું ઉત્પાદન કર્યું.

ભાવનગરની સેન્ટ્રલ શોર્ટ એન્ડ મરીન કેમિકલ્સ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટમાં દરિયાના પાણીથી ખેતી થવાના પ્રયોગો થઈ રહ્યા છે. જો દરિયાના પાણી થકી ખેતી કરવાની શોધ વહેલી થઈ હોત તો માનવસમાજનો ઈતિહાસ જુદો હોત. હેલોફાઈટસ એવા છોડ છે જે દરિયાનાં પાણી થકી ઊગે છે. તેમનાં બીયાંમાં પ્રોટીનનું વધુ પ્રમાણ હોય છે. આ પ્રકારના પાકની ખેતી, જે દરિયાકિનારે થઈ શકે અને તેની નજીક માનવ વસાહતની સ્થાપના થઈ શકે, તે અનાજની અછત સામે અસરકારક ઉપાય થઈ શકે. સાથે જ કાર્બનડાયોક્સાઈડ જેવા વાયુની આડઅસરનું નિયંત્રણ કરી શકે. આ રીતે 'બ્રાઉન ક્રાંતિ' સાથે જ 'બ્લુ ક્રાંતિ' થવાની શક્યતા છે કારણ કે એકવાકલ્ચરમાં નકામાં પાણીનું શુદ્ધિકરણ, જીનેટીક ટેકનોલોજી, દરિયામાં ખેતી, રોબોટ સંચાલિત નાવ આવી અનેક નવીનતમ શોધ થવાની છે. જાપાનના લોકોનો બુદ્ધિઆંક અમેરિકાના લોકો કરતાં વધારે છે તેનું એક કારણ એ છે કે તેઓ ખોરાકમાં માછલી વધુ લે છે. આમ માછલી એક વાનગી તરીકે શાકભાજીની જેમ સર્વસ્વીકૃત થાય તેવી શક્યતા છે. આપણા શરીરના ઘસાઈ ગયેલા કોષોને બદલવા માટે આપણા શરીરના ડી.એન.એ.માંથી જ બનેલા કોષનો ઉપયોગ કરી શકાશે. આનાથી આગળ વધીને આપણા હાથ-પગ જેવાં અંગ પણ બનાવી શકાશે. કદાચ આપણે હાયપોથેલામસ પર કાબૂ પામી શકીશું, જે આપણા શરીરમાં ગરમીનું નિયંત્રણ કરે છે. આને કારણે આપણે શરીરને ઠંડું બનાવી શકીશું.

**સમગ્ર જગત એક એવા સમયમાંથી પસાર થઈ રહ્યું છે જ્યાં ડઝન બંધ દેશોમાં અશાંતિ છે. અનેક દેશોમાં માનવજાતની પીડાનો કોઈ પાર નથી. અશાંતિ, અત્યાચાર અને અનાચારમાં ડૂબેલી દુનિયા સામે આશાનું એક કિરણ દેખાય છે અને તે છે વિજ્ઞાન અને આધ્યાત્મિકતાનો સમન્વય.**


સુરજ ઉગે અને રોજ નવી ટેકનોલોજી ઉદય થાય છે જેના થકી માનવજાતનાં લક્ષણો, જેવાં કે ઓળખવાની શક્તિ, અવાજનું પૃથક્કરણ અને બુદ્ધિજન્ય કોમ્પ્યુટર પ્રોગ્રામીંગ કરી શકાય છે. આ ટેકનોલોજી થકી બનતાં ઉપકરણોનું કદ સૂક્ષ્મ થતું જાય છે. આને કારણે તેને માનવશરીરમાં પ્રત્યારોપિત કરવાનું સરળ બનતું જાય છે. જેરોમ ગ્લેન તેમના પુસ્તક 'ફ્યુચર માઈન્ડ'માં જણાવે છે કે ૨૦૨૫ અને ૨૦૫૦ વચ્ચે માનવ અને મશીન વચ્ચેની ભેદરેખા અલોપ થતી જશે. એક જાગૃત 'ટેકનોલોજી'નો ઉદ્‌ભવ થશે. પરંતુ ટેકનોક્રેટસ અને જાગૃત વિશ્વને ઓળખતી વ્યક્તિઓએ પોતાના મતભેદ ભૂલીને પોતાની પાસે રહેલા શ્રેષ્ઠ વિચારોનું વિશ્વ કલ્યાણ માટે સંયોજન કરવું પડશે. જો કે પૂર્વના ચિંતક વિમલા ઠકાર જણાવે છે કે "મશીનને માનવમાં ફેરવી ન શકાય અને એ જ રીતે માનવદેહ, જે સર્વાંગી છે, તેને રોબોટની કક્ષાએ લઈ જઈ શકાય નહીં.''

ધરતી આપણી માતા છે પંચમહાભૂતોમાં તેનો સમાવેશ થાય છે. ધરતી એ કોઈ નિર્જીવ ગ્રહ નથી પરંતુ સજીવ છે. આપણી માતા સમાન છે આથી આપણા વેદ સાહિત્યમાં ધરતીને માતા કહેવામાં આવી છે. ધરતી હંમેશા જીવંત હોય તેમ વર્તે છે અને જેમ વાતાવરણમાં ફેરફાર થાય તેમ પોતામાં પરિવર્તન લાવે છે. માનવીએ પર્યાવરણનો વિનાશ કર્યો અને તેને પરિણામે શિયાળો, ઉનાળો અને ચોમાસુની ઋતુનું ચક્ર પરિવર્તિત થયું છે તે પણ આપણે અનુભવી રહ્યા છીએ. જે ટેકનોલોજી પર્યાવરણને સહુથી વધુ અનુકૂળ હોય તે સફળ હોય છે. સઘન અભ્યાસથી જાણવા મળેલ છે કે જે ટેકનોલોજી કુદરતને અનુરૂપ થાય છે તે ઘણી વધારે સફળ થાય છે અને આવી ટેકનોલોજી ભવિષ્યમાં માનવજીવન પર દૂરગામી અસર કરશે. રતન ટાટાએ કહ્યું હતું કે રીયૂઝ, રીવર્ક અને રીએન્જિનિયરિંગ થકી મોટાભાગના પ્રશ્નો ઉકેલાઈ જશે. આપણું વિશ્વ, શક્તિ એકત્રિત કરીને તેનો ઉપયોગ કરવા માટે, પદાર્થોને રિસાયકલ કરીને ફરીથી વપરાશમાં લેવા માટે, તાપમાન, પ્રાણવાયુ અને બીજાં મહત્ત્વનાં તત્ત્વોનું નિયંત્રણ કરીને જીવનને અનુકૂળ બનાવવા માટે એક અતિ અદ્યતન અને સારી સિસ્ટમ છે. જે ટેકનોલોજી પર્યાવરણને અનુકૂળ છે અને જે અદ્યતન વિજ્ઞાનને આધારે બનેલ છે તે ફક્ત આર્થિક લાભ માટે જ બનાવવમાં આવેલ ટેકનોલોજીથી જુદી હશે. પર્યાવરણને અનુકૂળ ટેકનોલોજી લાંબો સમય ટકી શકશે કારણ કે તેમાં સલામત અને અખૂટ શક્તિનો ઉપયોગ થશે. શક્તિ અને સર્વ ઉપલબ્ધનો સદુપયોગ આ ટેકનોલોજીમાં થશે. વસ્તુના પુનઃવપરાશને કારણે આ ટેકનોલોજી હંમેશા જીવંત રહેશે. આનાં ઉદાહરણો છે બાયોફર્ટીલાઈઝર, બાયોપેસ્ટીસાઈડ, કેટાલીસ્ટ પ્રોસેસ અને નવા એન્ઝાઈમ્સ વગેરે. પર્યાવરણનો પ્રશ્ન સામે આવીને ઊભો છે તે એક દુઃખદ વાત છે પરંતુ આ પ્રશ્ન સમજાયો છે અને તેનો ઉકેલ લાવવા યોગ્ય સાધનો અને ટેકનોલોજી માનવજાત પાસે ઉપલબ્ધ છે તે સુઃખદ સમાચાર છે. ટેકનોલોજીનો યોગ્યતમ ઉપયોગ આપણને ૨૧મી સદીમાં સુખી જીવનના માર્ગે દોરી જશે.

# માર્કેટયાર્ડનાં ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૦૦ | ૧૪૭૦ |
| ઘઉં લોકવન | ૫૮૨ | ૬૧૪ |
| ઘઉં ટુકડા | ૫૯૨ | ૬૫૦ |
| જુવાર સફેદ | ૭૦૦ | ૮૧૦ |
| જુવાર પીળી | ૪૦૦ | ૫૦૦ |
| બાજરી | ૪૦૦ | ૫૦૦ |
| તુવેર | ૧૪૦૦ | ૨૦૩૫ |
| ચણા પીળા | ૧૦૭૫ | ૧૨૮૧ |
| ચણા સફેદ | ૧૪૦૦ | ૨૩૯૮ |
| અડદ | ૧૩૭૫ | ૧૬૬૯ |
| મગ | ૧૧૦૦ | ૧૭૪૬ |
| વાલ દેશી | ૧૦૨૦ | ૧૩૫૫ |
| ચોળી | ૧૨૦૨ | ૨૩૦૦ |
| મઠ | ૮૦૦ | ૧૦૩૨ |
| કળથી | ૯૮૦ | ૧૧૭૦ |
| મગફળી જાડી | ૮૫૦ | ૧૨૦૭ |
| મગફળી જીણી | ૮૮૦ | ૧૨૩૫ |
| તલી | ૨૧૨૦ | ૨૫૪૭ |
| સુરજમુખી | ૪૫૦ | ૪૫૦ |
| એરંડા | ૧૦૧૧ | ૧૨૧૩ |
| અજમો | ૧૩૦૦ | ૧૬૫૦ |
| સુવા | ૯૫૦ | ૯૫૦ |
| સોયાબીન | ૭૯૦ | ૮૬૮ |
| સીંગફાડા | ૧૦૦૦ | ૧૨૭૦ |
| કાળા તલ | ૩૧૨૦ | ૪૪૮૪ |
| લસણ | ૩૬૫૦ | ૫૦૫૧ |
| ધાણા | ૧૩૦૦ | ૧૫૦૦ |
| મરચા સુકા | ૧૩૫૦ | ૨૫૦૦ |
| ધાણી | ૧૪૦૦ | ૧૫૫૦ |
| વરીયાળી | ૧૦૩૦ | ૧૪૫૧ |
| જીરૂ | ૪૧૨૫ | ૪૬૦૦ |
| રાય | ૧૦૫૦ | ૧૨૯૫ |
| મેથી | ૧૦૨૫ | ૧૨૫૦ |
| ઇસબગુલ | ૨૦૦૦ | ૨૦૦૦ |
| રાયડો | ૧૦૪૦ | ૧૧૩૪ |
| રજકાનું બી | ૪૦૦૦ | ૫૨૧૫ |
| ગુવારનું બી | ૮૫૦ | ૯૪૦ |
| **રાજકોટ(શાકભાજી)** | | |
| લીંબુ | ૨૦૦ | ૮૦૦ |
| બટેટા | ૩૦૦ | ૭૧૧ |
| ડુંગળી સુકી | ૧૩૦ | ૬૫૧ |
| ટમેટા | ૪૫૦ | ૭૨૦ |
| સુરણ | ૮૦૦ | ૧૦૦૦ |
| કોથમરી | ૨૦૦ | ૫૦૦ |
| મુળા | ૩૦૦ | ૬૦૦ |
| રીંગણા | ૧૦૦ | ૨૦૦ |
| કોબીજ | ૧૨૦ | ૨૧૦ |
| ફ્લાવર | ૧૬૦ | ૨૫૦ |
| ભીંડો | ૬૦૦ | ૮૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૨૦૦ |
| ચોળાસીંગ | ૪૦૦ | ૬૦૦ |
| વાલોળ | ૩૦૦ | ૫૦૦ |
| ટીંડોરા | ૨૫૦ | ૫૨૦ |
| દુધી | ૧૦૦ | ૨૦૦ |
| કારેલા | ૫૦૦ | ૭૦૦ |
| સરગવો | ૩૦૦ | ૨૪૦૦ |
| તુરીયા | ૮૦૦ | ૧૨૦૦ |
| પરવર | ૮૦૦ | ૧૦૦૦ |
| કાકડી | ૯૦૦ | ૧૨૦૦ |
| ગાજર | ૨૦૦ | ૪૦૦ |
| વટાણા | ૧૨૦૦ | ૧૪૦૦ |
| તુવેરસીંગ | ૬૦૦ | ૮૦૦ |
| ગલકા | ૪૦૦ | ૬૦૦ |
| બીટ | ૨૦૦ | ૪૦૦ |
| મેથી | ૨૧૦ | ૩૨૦ |
| વાલ | ૬૦૦ | ૮૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૩૫૦ |
| આદુ | ૮૨૦ | ૯૫૦ |
| ચણા લીલા | ૨૦૦ | ૭૦૦ |
| મરચા લીલા | ૩૦૦ | ૬૦૦ |
| હળદર લીલી | ૫૦૦ | ૮૦૦ |
| લસણ લીલું | ૨૦૦૦ | ૪૫૦૦ |
| મકાઇ લીલી | ૨૦૦ | ૩૦૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૮૫૦ | ૧૧૧૪ |
| શિંગ ૬૬ નંબર | ૮૬૬ | ૮૬૬ |
| ગિરનાર શીંગ | ૯૨૧ | ૧૨૯૬ |
| શિંગ મોટી | ૮૪૨ | ૧૨૩૭ |
| શિંગ ફાડા | ૧૦૦૩ | ૧૧૮૫ |
| તલસફેદ | ૧૫૦૦ | ૨૮૪૦ |
| તલકાળા | ૩૦૦૦ | ૩૮૪૦ |
| તલ કશ્મીરી | ૩૦૩૫ | ૩૩૧૦ |
| બાજરો | ૩૫૧ | ૫૮૦ |
| જુવાર | ૪૨૫ | ૮૭૩ |
| ઘઉં ટુકડા | ૫૭૯ | ૬૬૦ |
| ઘઉં લોકવન | ૫૬૦ | ૬૩૪ |
| મગ | ૫૦૦ | ૧૪૩૦ |
| અડદ | ૮૦૦ | ૧૭૨૫ |
| ચણા | ૭૯૦ | ૧૩૬૬ |
| કપાસ | ૧૧૪૭ | ૧૨૦૭ |
| એરંડા | ૬૦૦ | ૧૨૩૬ |
| જીરૂ | ૩૩૯૦ | ૪૪૦૦ |
| ઈસબગુલ | ૧૬૦૦ | ૧૬૦૦ |
| ધાણા | ૧૦૭૫ | ૧૪૦૫ |
| સોયાબીન | ૬૩૬ | ૮૩૬ |
| રજકાનું બી | ૨૦૦૦ | ૪૫૯૦ |
| મરચાલાંબા | ૪૭૫ | ૨૬૦૦ |
| **અમરેલી(શાકભાજી)** | | |
| બટેટા | ૫૪૦ | ૬૦૦ |
| રીંગણા | ૨૮૦ | ૪૨૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૩૦૦ |
| કોબીઝ | ૨૨૦ | ૩૪૦ |
| શકકરિયા | ૬૦૦ | ૮૦૦ |
| ટમેટાં | ૫૦૦ | ૭૦૦ |
| સુરણ | ૧૦૨૦ | ૧૩૮૦ |
| ગાજર | ૫૦૦ | ૬૦૦ |
| દુધી | ૧૮૦ | ૩૦૦ |
| કારેલા | ૬૪૦ | ૭૫૦ |
| ગલકા | ૫૦૦ | ૭૫૦ |
| મુળા | ૩૦૦ | ૪૦૦ |
| કાકડી | ૩૨૦ | ૬૦૦ |
| ગુવાર | ૬૪૦ | ૧૦૨૦ |
| વાલોળ | ૩૦૦ | ૪૦૦ |
| વટાણા | ૧૪૦૦ | ૧૮૦૦ |
| ચોળાલીલાં | ૩૦૦ | ૫૦૦ |
| તુરીયા | ૮૦૦ | ૧૦૦૦ |
| આમળા | ૫૨૦ | ૭૨૦ |
| તુવેર | ૬૪૦ | ૮૨૦ |
| ભીંડો | ૫૦૦ | ૮૦૦ |
| હળદર લીલી | ૭૨૦ | ૮૦૦ |
| આદુ | ૭૦૦ | ૮૨૦ |
| કોથમીર | ૬૦૦ | ૧૦૦૦ |
| મેથીભાજી | ૪૨૦ | ૬૨૦ |
| ફોદીનો | ૪૨૦ | ૬૦૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૮૦૦ |
| બીટ | ૮૦૦ | ૧૦૦૦ |
| વાલ | ૮૦૦ | ૧૦૨૦ |
| સરગવો | ૧૨૨૦ | ૧૮૦૦ |
| લીમડો મીઠો | ૨૮૦ | ૩૦૦ |
| મરચાં લીલા | ૩૦૦ | ૭૦૦ |
| મરચાં લાલ | ૪૦૦ | ૧૦૫૦ |
| ડુંગળી લીલી | ૩૦૦ | ૪૦૦ |
| ડુંગળી સુકી | ૧૭૦ | ૬૬૦ |
| લસણ લીલું | ૨૦૦૦ | ૪૦૦૦ |
| મકાઇ | ૨૮૦ | ૪૨૦ |
| લીંબુ | ૩૦૦ | ૫૫૦ |
| પાલક | ૪૨૦ | ૬૪૦ |
| **જામનગર** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૮૫ |
| જુવાર | ૫૦૦ | ૭૦૦ |
| બાજરો | ૪૦૦ | ૪૯૦ |
| ઘઉં | ૫૪૦ | ૬૩૨ |
| મગ | ૧૨૦૦ | ૧૪૧૦ |
| અડદ | ૧૧૦૦ | ૧૫૯૫ |
| ચોળી | ૧૫૦૦ | ૧૮૫૦ |
| વાલ | ૧૦૦૦ | ૧૬૦૦ |
| ચણા | ૮૦૦ | ૧૨૧૦ |
| મગફળી જીણી | ૯૫૦ | ૧૩૭૦ |
| મગફળી જાડી | ૮૫૦ | ૧૦૮૦ |
| એરંડા | ૧૧૦૦ | ૧૧૯૩ |
| તલ | ૧૫૦૦ | ૨૪૦૫ |
| રાઈ | ૧૧૦૦ | ૧૨૬૯ |
| લસણ | ૩૦૦૦ | ૫૧૩૦ |
| જીરૂ | ૪૦૦૦ | ૪૫૫૦ |
| અજમો | ૧૭૦૦ | ૨૯૭૦ |
| ડુંગળી સૂકી | ૧૦૦ | ૬૮૦ |
| મરચા સૂકા | ૭૦૦ | ૩૨૦૦ |
| સોયાબીન | ૭૦૦ | ૮૧૦ |
| **ગોંડલ** | | |
| ઘઉં લોકવન | ૫૫૨ | ૬૨૨ |
| ઘઉં ટુકડા | ૫૮૦ | ૬૮૦ |
| સિંગ ફાડીયા | ૮૫૦ | ૧૨૩૧ |
| એરંડા /એરંડી | ૧૧૯૬ | ૧૧૯૬ |
| જીરૂ | ૩૫૦૦ | ૪૭૦૧ |
| ક્લંજી | ૯૦૦ | ૩૯૪૧ |
| વરીયાળી | ૯૭૧ | ૯૭૧ |
| ધાણા | ૯૦૦ | ૧૬૫૧ |
| લસણ સુકું | ૧૮૪૧ | ૪૭૩૧ |
| અડદ | ૧૦૦૧ | ૧૬૫૧ |
| મઠ | ૮૬૧ | ૮૬૧ |
| તુવેર | ૧૦૯૧ | ૧૭૬૧ |
| રાયડો | ૧૧૦૧ | ૧૧૯૧ |
| મેથી | ૬૦૦ | ૧૧૧૧ |
| સફેદ ચણા | ૧૨૦૦ | ૨૧૮૧ |
| તલ - તલી | ૧૭૦૦ | ૨૫૦૧ |
| ધાણી | ૧૦૦૦ | ૧૬૭૧ |
| ડુંગળી સફેદ | ૨૦૧ | ૫૦૬ |
| બાજરો | ૪૫૧ | ૫૭૧ |
| જુવાર | ૬૦૦ | ૭૬૧ |
| મકાઇ | ૫૨૧ | ૫૭૧ |
| મગ | ૧૧૧૧ | ૧૭૩૧ |
| ચણા | ૧૧૦૦ | ૧૨૯૬ |
| વાલ | ૫૫૧ | ૧૪૦૧ |
| ચોળા / ચોળી | ૩૫૧ | ૨૧૫૧ |
| સોયાબીન | ૭૦૧ | ૮૭૬ |
| ગોગળી | ૭૦૦ | ૯૮૧ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૦૦ | ૧૪૮૮ |
| કપાસ મીડીયમ | ૧૧૫૦ | ૧૩૪૦ |
| મગફળી ૨૦ નં. | ૧૦૬૧ | ૧૧૪૯ |
| મગફળી બી.ટી. | ૯૦૯ | ૧૦૭૧ |
| ઘંઉ | ૫૩૦ | ૫૫૦ |
| તલ સફેદ | ૨૦૩૦ | ૨૪૦૦ |
| જીરૂ | ૩૯૫૦ | ૪૩૫૦ |
| સોયાબીન | ૭૮૦ | ૮૦૦ |
| ચણા | ૧૧૪૦ | ૧૨૦૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૦૦૦ | ૧૧૪૮ |
| શીંગ મોટી | ૧૦૫૦ | ૧૨૦૦ |
| તલ સફેદ | ૨૦૨૨ | ૨૫૧૪ |
| તલ કાળા | ૩૧૦૦ | --- |
| જીરૂ | ૪૦૫૦ | ૪૪૩૦ |
| કપાસ | ૧૩૫૦ | ૧૪૭૦ |
| ઘઉં લોકવન | ૫૭૦ | ૬૩૪ |
| ઘઉં ટુકડા | ૫૮૫ | ૬૬૯ |
| બાજરો | ૫૬૦ | ૭૦૦ |
| જુવાર | ૪૯૫ | ૮૦૪ |
| મગ | ૧૧૫૦ | --- |
| અડદ | ૧૦૨૫ | --- |
| ચણા | ૧૦૨૫ | ૧૩૫૦ |
| તુવેર | ૧૪૦૦ | ૧૭૦૦ |
| એરંડા | ૧૧૦૦ | --- |
| સોયાબીન | ૭૨૫ | ૭૮૦ |
| **ભેસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૮૦ |
| ઘઉં | ૫૦૦ | ૫૮૦ |
| મગ | ૧૦૦૦ | ૧૪૫૦ |
| ચણા | ૯૦૦ | ૧૩૦૦ |
| અડદ | ૮૦૦ | ૧૫૭૦ |
| મગફળી | ૭૦૦ | ૧૧૧૧ |
| શિગફાડા | ૯૫૦ | ૧૦૫૦ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૨૦૦ |
| મેથી | ૯૦૦ | ૧૦૦૦ |
| જીરૂ | ૩૭૦૦ | ૪૨૦૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૪૫૦ |
| સોયાબીન | ૬૫૦ | ૮૨૧ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૩૮૫ | ૧૪૬૦ |
| મગફળી | ૯૨૫ | ૧૧૩૧ |
| સોયાબીન | ૭૫૧ | ૭૫૧ |
| અડદ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| જીરૂ | ૪૧૦૦ | ૪૧૦૦ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૦૧૧ | ૧૧૬૦ |
| મગફળી ૩૨ નં. | ૯૧૧ | ૧૦૫૯ |
| બાજરી | ૫૦૦ | ૫૯૨ |
| ઘઉં | ૫૫૦ | ૬૩૫ |
| મેથી | ૯૦૦ | ૧૧૦૦ |
| સફેદ તલ | ૨૦૫૦ | ૨૩૯૮ |
| સોયાબીન | ૬૮૦ | ૮૦૯ |
| જુવાર | ૪૦૦ | ૮૧૫ |
| અડદ | ૧૦૦૦ | ૧૬૦૫ |
| ચણા | ૧૦૮૦ | ૧૨૧૪ |
| ધાણા | ૧૨૦૦ | ૧૪૪૦ |
| કપાસ | ૧૪૦૦ | ૧૪૫૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૭૫૧ | ૧૧૧૧ |
| તલ સફેદ | ૧૭૦૦ | ૨૪૦૧ |
| કપાસ | ૧૩૦૦ | ૧૪૫૦ |
| બાજરો | ૫૦૦ | ૬૬૧ |
| ઘઉં ટુકડા | ૫૫૦ | ૬૬૧ |
| જુવાર | ૭૦૦ | ૭૭૧ |
| મગ | ૧૪૦૦ | ૨૩૩૧ |
| મઠ | ૧૦૦૧ | ૧૦૦૧ |
| અડદ | ૯૫૦ | ૧૪૦૦ |
| તુવેર | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૬૦૦ |
| સોયાબીન | ૭૫૦ | ૭૮૯ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૦૦ |
| ઘઉં લોકવન | ૫૦૫ | ૫૮૪ |
| ઘઉં ટુકડા | ૫૨૨ | ૬૨૨ |
| મેથી | ૮૦૦ | ૮૦૦ |
| સોયાબીન | ૫૩૨ | ૭૫૦ |
| મગફળી | ૬૦૦ | ૯૯૨ |
| ચણા | ૧૦૩૫ | ૧૨૧૬ |
| તલ સફેદ | ૨૨૦૦ | ૨૩૨૫ |
| ધાણા | ૧૩૩૦ | ૧૩૬૦ |
| મગ | ૧૫૫૦ | ૧૫૫૦ |
| અડદ | ૧૦૫૦ | ૧૩૩૫ |
| શીંગદાણા | ૧૧૬૦ | ૧૧૬૦ |
| ચણા સોલે | ૧૩૬૦ | ૧૩૬૦ |
| મકાઈ | ૫૪૦ | ૫૪૦ |
| લશણ | ૨૬૦૦ | ૨૬૦૦ |
| **મહુવા** | | |
| શીંગ ગીરનાર | ૧૧૩૫ | ૧૩૧૪ |
| શીંગ ૩૨ | ૯૨૫ | ૧૦૩૮ |
| શીંગ ૩૯ | ૯૧૫ | ૧૧૩૭ |
| શીંગ જી-૨૦ | ૧૦૨૫ | ૧૧૮૩ |
| જુવાર | ૪૦૩ | ૯૦૯ |
| બાજરી | ૪૦૦ | ૮૮૧ |
| ઘંઉ ટુકડા | ૬૬૫ | ૬૯૧ |
| મકાઈ | ૪૮૪ | ૪૮૪ |
| અડદ | ૧૦૦૦ | ૨૨૦૦ |
| મગ | ૧૬૮૫ | ૨૩૨૦ |
| સોયાબીન | ૬૦૦ | ૮૧૫ |
| ચણા | ૧૨૦૪ | ૧૨૦૪ |
| તલ સફેદ | ૧૯૦૭ | ૨૬૧૧ |
| તલ પુરબીયા | ૩૯૩૦ | ૩૯૩૦ |
| જીરૂ | ૧૪૫૦ | ૪૩૯૯ |
| ડુંગળી લાલ | ૨૦૦ | ૭૪૮ |
| ડુંગળી સફેદ | ૨૨૨ | ૬૦૧ |
| કપાસ શંકર | ૧૪૧૫ | ૧૪૩૯ |
| નાળીયેર | ૬૬૭ | ૨૬૦૧ |
| **ધારી** | | |
| કપાસ | ૧૨૫૦ | ૧૪૩૩ |
| મગફળી | ૬૭૫ | ૯૯૨ |
| ઘઉં | ૫૬૦ | ૫૯૦ |
| ચણા | ૧૦૭૫ | ૧૨૦૦ |
| અડદ | ૧૬૦૦ | ૧૬૦૦ |
| સોયાબીન | ૭૭૫ | ૮૦૦ |

## શબ્દ સંજોગ-૧૯૧૫



**આડી ચાવી :**
(૧) તીક્ષ્ણ, ઉગ્ર (૩)
(૩) રોકડું (૩)
(૬) નરમ, મોળું (૩)
(૮) ભરોસો, આધાર (૩)
(૧૦) અન્ય, બીજું (૨)
(૧૨) એક ફળ (૩)
(૧૩) એક ઘાસ (૨)
(૧૪) એક ફિલ્મ: ...... બેવફા (૩)
(૧૬) એક શાકભાજી (૨)
(૧૭) મૂર્તિ (૩)
(૧૮) ......એવો ઓડકાર (૨)
(૧૯) અંગ્રેજીમાં રસ્તો (૧)
(૨૦) ઉન્નિત (૩)
(૨૧) મોટું (૨)
(૨૩) લજજા, લાજ (૩)
(૨૫) હોજરી, પેટ (૩)
(૨૬) પંચાત, તકરાર (આ-અ) (૪)
(૨૮) છેડો (૨)
(૨૯) અસ્થિર, ચપળ (૩)

**ઉભી ચાવી :**
(૧) મહારાણા... (૩)
(૨) દારૂનો એક પ્રકાર (૨)
(૩) અદા, અભિનય (અંગ્રેજી) (૨)
(૪) કોલકત્તાનું એરપોર્ટ (૪)
(૫) પરસ્ત્રી સાથે પ્રીત કરનાર (૨)
(૭) ડાબું, સુંદર (૨)
(૯) મૂલ્ય, કિંમત (૨)
(૧૧) કપ...... (૩)
(૧૨) .....તેવી બરકત (૩)
(૧૪) આગેવાન, નાયક (૪)
(૧૫) પ્રગતિ (૩)
(૧૬) એક ફળ (૩)
(૧૮) પ્રવાસ દરમિયાન થોડી......પણ પડે (૪)
(૨૨) આવશ્યકતા (૩)
(૨૩) કરાર, હોડ (૩)
(૨૪) એક દિવસની મુસાફરી જેટલું અંતર (૩)
(૨૭) આ ખાનું ભરાઈ જાય એટલે ક્રોસવર્ડ પત્યું, એટલે...લો (૨)

## શબ્દ સંજોગ-૧૯૧૪ જવાબ

**આડી ચાવી:** (૧) ગુજરાત (૪) બૃહદ (૭) સરત (૯) રામણ (૧૧) આભ (૧૨) કરમ (૧૪) ઢોલ (૧૬) ફોક (૧૭) મનચલી (૨૦) ઢોંગ (૨૨) લાજ (૨૪) ટબ (૨૬) કમાલ (૨૮) વાહ (૨૯) વરાહ (૩૧) સભા (૩૨) વકરો (૩૩) હર (૩૪) બગી.
**ઉભી ચાવી:** (૨) ગુરૂ (૨) રાસભ (૩) તર (૫) હરામ (૬) દમ (૮) તક (૧૦) ણરેક (કરેણ) (૧૧) આલમ (૧૩) રકત (૧૫) નાચ (૧૬) ફોગટ (૧૮) નકલ (૧૯) લીલા (૨૧) કલોક (૨૩) જવાહર (૨૫) બડભાગી (૨૭) માણેક (૩૦) રાહ (૩૧) સબ.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડની નવતર પહેલ:રાજકોટમાંવૈદિકવિવાહનોપ્રારંભ

રાજકોટ,તા.૧૨



શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ આધ્યાત્મિક પ્રવૃત્તિઓની સાથે સમાજ ઉત્થાનની પણ અનેક પ્રવૃત્તિઓ કરે છે. ચેરમેન નરેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ટ્રસ્ટ દ્વારા આધ્યાત્મિક, શિક્ષણ, આરોગ્ય અને ખેતીલક્ષી પ્રવૃત્તિઓ થઈ રહી છે. લગ્ન પ્રસંગોમાં ખોટા ખર્ચ ન થાય અને સમાજને એક નવીન દિશા મળે તેવા ઉદ્દેશ સાથે ટ્રસ્ટ દ્વારા હિન્દુ શાસ્ત્રોક્ત વિધિથી વૈદિક વિવાહની શરૂઆત કરવામાં આવી છે. રાજકોટમાં ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આસ્થા ચોક પાસે આવેલા ટ્રસ્ટ સંચાલિત શ્રી ભોજલરામ ઉત્કર્ષ ભવન ખાતે વૈદિક વિવાહનો આજથી પ્રારંભ થયો છે. ૧૨ ડિસેમ્બરે ભવન ખાતે પ્રથમ વૈદિક વિવાહ યોજાયા હતા. જેમાં સાવરકુંડલાના ભરતભાઈ કારિયાની પુત્રી હસ્તીના લગ્ન ગોંડલ તાલુકાના રીબડા ગામના મુકેશભાઈ પીપળીયાના પુત્ર સંદીપ સાથે યોજાયા હતા. આ પ્રસંગે બન્ને પક્ષ તરફથી ૨૫-૨૫ મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા. આ તકે નવદંપતીને ટ્રસ્ટીઓએ મા ખોડલની પ્રતિમા આપીને લગ્નજીવનની શુભકામના પાઠવી હતી.

# I.C.A. ગ્લોબલ કોન્ફરન્સમાં દિલીપ સંઘાણીનું અદ્ભૂત આતિથ્ય

અમરેલી, તા.૧૨




ભારતમાં યોજાયેલી આઈ.સી.એ. ગ્લોબલ કોન્ફરન્સમાં ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણીએ વિશ્વના વિવિધ દેશોમાંથી આવેલા મહાનુભાવોનું ભારતીય પરંપરા અનુસાર હૃદયપૂર્વક સ્વાગત કર્યું હતું. તેમના આતિથ્યથી પ્રભાવિત થઈને આઈ.સી.એ.ના ડાયરેક્ટર જનરલ જેરોન ડગ્લાસ અને આઈ.સી.એ.ના પ્રમુખ એરીયલ ગ્વારકોએ સંઘાણીને ખાસ અભિનંદન પાઠવ્યા હતા. આ કોન્ફરન્સનું વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઉદ્ઘાટન કર્યું હતું. જેમાં ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિત વિશ્વના વિવિધ દેશોના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. કોન્ફરન્સ દરમિયાન દિલીપભાઈ સંઘાણીએ સહભાગીઓનું અતિથિ દેવો ભવઃના સિદ્ધાંત અનુસાર સ્વાગત કર્યું હતું. તેમણે ભારતીય સંસ્કૃતિ અને પરંપરાઓથી સહભાગીઓને પરિચિત કર્યા હતા. કોન્ફરન્સના સમાપન સમારોહમાં દિલીપભાઈ સંઘાણી દ્વારા કરવામાં આવેલા ઉદ્બોધનને સહભાગીઓએ ખૂબ જ સરાહ્યું હતું. તેમના ઉદ્બોધનમાં સહકારી ક્ષેત્રમાં ભારતની ભૂમિકા અને ભવિષ્યની શક્યતાઓ વિશે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આઈ.સી.એ.ના ડાયરેક્ટર જનરલ જેરોન ડગ્લાસ અને આઈ.સી.એ.ના પ્રમુખ એરીયલ ગ્વારકોએ સંઘાણીના આતિથ્ય અને ઉદ્બોધનની ખૂબ પ્રશંસા કરી હતી.

# ચલાલા-બગસરા નગરપાલિકા માટે રૂા.૧૦ કરોડના કામો મંજૂર કરાયા

**મુખ્યમંત્રીનો આભાર માનતા જે.વી. કાકડીયા**



અમરેલી, તા.૧૨

રાજય સરકાર દ્વારા શહેરી વિસ્તારમાં વિકાસનાં કામો થાય તે માટે કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. જેના ભાગરૂપે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ ચલાલા નગરપાલિકાને રૂપિયા ૩૫૯ લાખ અને બગસરા નગરપાલિકા માટે રૂા.૭૫૫ લાખનાં રોડ-રસ્તાનાં કામો માટે મંજૂરી આપવામાં આવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો ધારાસભ્ય જે.વી.કાકડીયાએ આભાર માન્યો હતો.

# અલ્ટ્રાટેક CSR વિભાગ દ્વારા વિદ્યાર્થિનીઓને સ્વરક્ષણની તાલીમ

અમરેલી, તા.૧૨


તસવીર : સુમરા વાઘ

અલ્ટ્રાટેક સીએસઆર વિભાગ દ્વારા સમાજસેવાના ભાગરૂપે વિદ્યાર્થિનીઓને વિવિધ કૌશલ્યો શીખવવામાં આવે છે. ગત વર્ષે લોઠપુર શાળાની વિદ્યાર્થિનીઓને આપવામાં આવેલી સ્વરક્ષણની તાલીમની સફળતા બાદ આ વર્ષે કોવાયા સ્કૂલની ધોરણ ૭ અને ૮ની વિદ્યાર્થિનીઓને આત્મસુરક્ષાની તાલીમ આપવામાં આવી હતી. તાજેતરમાં ૨૮ નવેમ્બરના રોજ કંપનીના એચઆર વિભાગના અધિકારી ભૂમિકા સોસા (જેઓ કરાટે બ્લુ બેલ્ટ ધરાવે છે) દ્વારા કોવાયા સ્કૂલની ૬૦ જેટલી વિદ્યાર્થિનીઓને આત્મસુરક્ષાની પ્રેક્ટિકલ તાલીમ આપવામાં આવી હતી. આ સાથે જ વિદ્યાર્થિનીઓને વાતચીત દ્વારા પણ સમજાવવામાં આવ્યું કે આત્મસુરક્ષા માટે પોતે સક્ષમ બનવું કેટલું જરૂરી છે. એચઆરના સેક્શન હેડ ભૂમિકા સોસાએ વિદ્યાર્થિનીઓને માર્ગદર્શન આપવાની ઉત્કૃષ્ટ પદ્ધતિથી બહેનોમાં ઉત્સાહ વધાર્યો હતો. સાથે સાથે અલ્ટ્રાટેકના ઉચ્ચ અધિકારી અજય વૈશમ્પાયન તથા એડમીન સિક્યુરીટીના અધિકારી રીતોબન ચૌધરીના માર્ગદર્શન હેઠળ સીએસઆર વિભાગના અધિકારી દેવેન્દ્ર સિંઘ, ઉદ્ધવી પરીખ અને ઈશા દેસાઈનો આ કાર્યક્રમને સફળ બનાવવામાં મહત્વનો ફાળો રહ્યો હતો.

# બગસરા લોહાણા મહાજન વાડી ખાતે ઈ-કેવાસી કેમ્પ યોજાશે


**આજે યોજાનારા કેમ્પનો લાભ લેવા મામલતદારનો અનુરોધ**

અમરેલી,તા.૧૨

રાજય સરકારે રેશનકાર્ડ માટે ઈ-કેવાસી ફરજિયાત કરવાનો આદેશ આપ્યો છે. આ ઈ-કેવાયસી માટે મામલતદાર ઓફિસે અરજદારોની ભારે ભીડ ઉમટી રહી છે. જો કે અરજદારોને ઈ-કેવાસી માટે સરળતા રહે તે માટે મામલતદાર કચેરી દ્વારા સમયાંતરે કેમ્પનું આયોજન કરવામાં આવી રહ્યુ છે. તો સામાજિક આગેવાનો દ્વારા પણ ઈ-કેવાયસી કરવામાં આવી રહ્યુ છે. આજે તા.૧૩ને શુક્રવારે સવારે ૧૦ થી સાંજના ૫:૦૦ કલાક સુધી બગસરા મામલતદાર ઓફિસનો સ્ટાફ લોહાણા મહાજન વાડી ખાતે બેસી ઈ-કેવાયસીની કામગીરી કરશે તો ઈ-કેવાયસી માટે બાકી રહેલા અરજદારોને રાશનકાર્ડ, આધારકાર્ડ, મોબાઈલ સાથે રૂબરૂ આવી આ કેમ્પનો લાભ લેવા મામલતદાર ભીડીએ અનુરોધ કર્યો છે.

# ખાંભા ગામની પરિણીતા પતિને છોડી સુરત પ્રેમી સાથે રહેવા આવી પહોંચી

સુરત,તા.૧૨



**યુવતીના પરિવારજનો કારમાં બેસાડી લઈ જતા હોવાનો વીડિયો વાયરલ**

સુરતના સરથાણા વિસ્તારમાં એક યુવતીનું ચાર મહિલા અને ત્રણ યુવકો દ્વારા અપહરણ કરવામાં આવતું હોવાના CCTV છેલ્લા બે દિવસથી વાઈરલ થયા છે. યુવતી જવાની મનાઈ કરતી હતી, છતાં પણ યુવતીને જબરજસ્તી ઊંચકીને કારમાં બેસાડી અપહરણ કરવામાં આવતું હોય તે રીતે આ CCTV સોશિયલ મીડિયામાં ખૂબ જ વાઈરલ થયા હતા. આ મામલે સરથાણા પોલીસમાં માત્ર એક અરજી કરવામાં આવી છે કોઈ ફરિયાદ નોંધાવી નથી તેવું સરથાણા પીઆઈ એમ.બી.ઝાલા દ્વારા જણાવવામાં આવ્યું હતું. સરથાણા પોલીસ પાસેથી મળતી માહિતી પ્રમાણે, મહિલા પરિણીત છે અને બે સંતાનની માતા છે. મહિલા અમરેલી જિલ્લાના ખાંભા ગામે સાસરિયામાં રહેતી હતી જોકે બે દિવસથી પોતાના પીયર પાડખાણ તા.શિહોરથી ભાગીને સુરત પ્રેમી પાસે આવી ગઈ હતી. સાસરિયાઓએ યુવતીના પરિવારને જાણ કરી હતી. જેથી આઠ જેટલા પરિવારના સભ્યો સરથાણા વિસ્તારમાં આવેલી સોસાયટીમાં પોતાની દીકરીને લેવા આવ્યા હતા. જે ઘરમાં હતી ત્યાંથી દીકરીને કારમાં લઈને રવાના થઈ ગયા હતા.

# બગસરા પાલિકાની બેદરકારીથી જાહેર મુતરડીની દુર્દશા

બગસરા,તા.૧૨


તસવીર : હાર્દિક બામટા

બગસરામાં પાલિકા દ્વારા બનાવેલી મુતરડીની દુર્દશા જોઈને લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. જૂની પાલિકા બિલ્ડીંગ પાસે આવેલી આ મુતરડી ગંદકીથી ઉભરાઈ રહી છે અને તેમાંથી ફેલાતી દુર્ગંધને કારણે આસપાસના વિસ્તારમાં રહેતા લોકો અને વેપારીઓ ભારે હેરાન પરેશાન થઈ રહ્યા છે. આ સમસ્યાને લઈને સ્થાનિક લોકોએ અનેક વખત પાલિકાને રજૂઆત કરી છે. વેપારીઓ માટે આ વિસ્તારમાં આ એક માત્ર મુતરડી હોવાથી તેની સ્વચ્છતા જાળવવી ખૂબ જ જરૂરી છે. પરંતુ પાલિકાના સત્તાધીશો આ સમસ્યાને ગંભીરતાથી લેતા નથી. વિરોધ પક્ષના નેતા જમાલ સરવૈયાએ સોશિયલ મીડિયા પર આ મુતરડીની દુર્દશાનો વીડિયો શેર કરીને પાલિકાની બેદરકારીનો પર્દાફાશ કર્યો છે. તેમણે આરોપ લગાવ્યો છે કે, પાલિકા સફાઈના નારા ગાઈ રહી છે પરંતુ હકીકતમાં સ્થિતિ બિલકુલ ઉલટી છે. આ સમસ્યાને લઈને સ્થાનિક લોકો અને વેપારીઓમાં ભારે રોષ છે. તેઓ પાલિકા પાસે માંગ કરી રહ્યા છે કે, તાત્કાલિક આ મુતરડીને સાફ કરવામાં આવે અને ભવિષ્યમાં આવી સ્થિતિ ન સર્જાય તે માટે યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે.

# અમરેલીના વોર્ડ-૧ માં આયુષ્યમાન વય વંદના કાર્ડ, રેશનકાર્ડ ઈ-કેવાયસી કેમ્પ યોજાયો

અમરેલી, તા.૧૨



અમરેલીમાં સારહિ યુથ કલબ અને તાલુકા હેલ્થ કચેરીના સંયુક્ત ઉપક્રમે શહેરના વોર્ડ નં.-૧ ખાતે આજે આયુષ્યમાન વય વંદના કાર્ડ, રેશનકાર્ડ ઈ-કેવાયસી કેમ્પ યોજાયો હતો. શહેરમાં તારવાડી, આંગણવાડી ખાતે યોજાયેલ કેમ્પમાં બહોળા પ્રમાણમાં લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ તકે શહેર ભાજપ પ્રમુખ ભાવેશભાઈ સોઢા, નગરપાલિકા પ્રમુખ બિપીનભાઈ લીંબાણી, સુરેશભાઈ શેખવા, સંજય(ચંદુ) રામાણી અને નગરસેવકો અફસાનાબેન કુરેશી, અમીનભાઈ હોત, રેખાબેન રાણવા, અક્રમભાઈ કાઝી ઉપસ્થિત રહ્યા હતા.

# નીલગાય આડી પડતાં આધેડે બાઈક સંતુલન ગુમાવતાં ઈજાગ્રસ્ત થયો

ધારી, તા.૧૨

અમરેલીમાં રહેતા ચંદુભાઈ ગોબરભાઈ પાટડીયા (ઉ.વ.૫૫)એ જાહેર કર્યા મુજબ, ભોગ બનનાર તેમની બહેનના ઘરે દલખાણીયા ગામે આંટો મારવા ગયા હતા. તે સમયે સાંજના સાત વાગ્યે દલખાણીયા રોડ પર આવેલ ૬૬ કેવી નજીક નીલગાય (રોઝડું) આડું પડતાં બાઈક સ્લીપ ખાઈ જતાં સારવાર અર્થે ખસેડ્યા હતા.


**નામ બદલાવેલ છે.**

ચાંદરાણી દીપકકુમાર રમણીકલાલ અને દીપકભાઈ આર ચાંદરાણી બન્ને એક નામના જ વ્યકિત છે. મારૂ સાચુ અને ખરૂ નામ ચાંદરાણી દીપકકુમાર રમણીકલાલ છે. ચાંદરાણી દીપકકુમાર રમણીકલાલ એડ્રેસ : ગોપાલનગર-૦૧, દીકરાના ઘરની પાછળ, બ્રાહ્મણ સોસાયટી, લાઠી રોડ, અમરેલી, ગુજરાત - ૩૬૫૬૦૧



PGVCL

**પ.ગુ.વિ.કં.લિ.. વર્તુળ કચેરી, અમરેલી**
**ટેન્ડર નોટીસ નં.૩૦૬/એમકો-૧૮/૨૦૨૪**

PGVCL

અમરેલી વર્તુળ કચેરી હેઠળ આવતી વિભાગીય કચેરીઓના જુદા જુદા કામો/માલ સામાન માટે સીલબંધ કવરમાં રજી. એ.ડી. થી ભાવો મંગાવવામાં આવે છે. વધુ વિગત પી.જી.વી.સી.એલ. ની વેબસાઈટ WWW.PGVCL.COM અને http://pgvcl.nprocure.com ઉપરથી મળી શકશે.

ઉપરોકત કચેરી હેઠળના વીજગ્રાહકો માટે ભાવનગર ખાતે કાર્યરત ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્રમાં રજુઆત કરી શકે છે.

ગ્રાહક સુવિધા કેન્દ્રનો ટોલ ફ્રી નંબર = ૧૮૦૦-૨૩૩-૧૫૫૩૩૩ & ૧૯૧૨૨

અધિક્ષક ઈજનેર (સં. અને નિ.)



**મામલતદાર અને તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લાઠી**

જન્મ/મરણ પરચુરણ અરજી નં.૫૮/૨૦૨૪ તા.૨૭/૧૧/૨૦૨૪

વિવાદી :- શ્રી કાકડિયા મધુભાઈ નારણભાઈ
મુ.નાના રાજકોટ, તા.લાઠી જી.અમરેલી મો.૯૬૦૧૪૫૦૯૮૧
C/O પંકજભાઈ પી.પરમાર, ઠે. ધર્મશાળા શોપીંગ સેન્ટર, તાલુકા પંચાયતની સામે, તા.લાઠી મો.૯૯૭૯૧૪૦૨૯૯

**વિરૂધ્ધ**

પ્રતિવિવાદીઃ- જન્મ -મરણ નોંધણી અધિકારી-વ-તલાટી કમ મંત્રીશ્રી
મુ. નાના રાજકોટ, તા.લાઠી, જિ.અમરેલી

**જાહેર નોટીસ**
(જન્મનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.નાના રાજકોટ ગામના રહીશ આ કામના અરજદારશ્રી કાકડિયા મધુભાઈ નારણભાઈનો જન્મ તા.૦૫/૦૯/૧૯૬૧ ના રોજ નાના રાજકોટ, તા. લાઠી, જિ. અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/ જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૧૬/૧૧/૨૪ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૩૦/૧૨/૨૦૨૪ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી



**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં - પાલીતાણા**

**::જાહેર નોટીસ::**

બી. એન્ડ ડી. રજી નં.૭૨/૨૦૨૪

શ્રી દાનુભાઈ બાબુભાઈ ધાખડા
રહે. મુ.વેળાવદર તા.ગારીયાધાર .......અપીલવાળા

-: વિરૂધ્ધ :-

જન્મ મરણ રજીસ્ટ્રાર અને
તલાટી -કમ-મંત્રીશ્રી, વેળાવદર ગ્રામ પંચાયત કચેરી,
મુ. વેળાવદર, તા.ગારીયાધાર. જિ.ભાવનગર ......સામાવાળા

વિષયઃ-**બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એકટની કલમ-૧૩(૩)બી અન્વયે જન્મ અંગેની નોંધણી કરવા બાબત**

આથી લાગતા વળગતા તમામને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે આ કામના **અરજદારશ્રી દાનુભાઇ બાબુભાઇ ધાખડાનો જન્મ** તા.૩૦/૦૪/૧૯૯૦ના રોજ મોજે.વેળાવદર, તા.ગારીયાધાર ખાતે થયેલ હોઈ અરજદારશ્રીના જન્મ અંગેની નોંધણી કરવાની રહી ગયેલ છે. જન્મ અંગેના દાખલાની જરૂરીયાત થતા હાલ અરજી દાખલ કરેલ છે. અરજદારશ્રીએ તેઓના જન્મ અંગેની નોંધ જન્મ-મરણ રજીસ્ટ્રાર અને તલાટી-કમ-મંત્રીશ્રી, વેળાવદર ગ્રામ પંચાયત કચેરી, મુ. વેળાવદર તા.ગારીયાધારના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધણી કરવા સબબ આ કોર્ટમાં અરજી કરેલ છે.

આ અરજી સામે કોઈને વાંધો, તકરાર કે હરકત સરખુ હોય તો તેમણે સદર નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ સુધીમાં **નાયબ કલેકટર કચેરી, પાલીતાણાની કોર્ટમાં** હાજર રહેવુ તેમ કરવામાં કસુર થયે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

સ્થળ :- પાલીતાણા
તારીખ :- ૦૪/૧૨/૨૦૨૪

કોર્ટનો સિક્કો

સહી
સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ
પાલીતાણા



**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં - પાલીતાણા**

**::જાહેર નોટીસ::**

બી. એન્ડ ડી. રજી નં.૭૧/૨૦૨૪

શ્રી ભરતભાઈ બાબુભાઈ ધાખડા
રહે. મુ.વેળાવદર તા.ગારીયાધાર .......અપીલવાળા

-: વિરૂધ્ધ :-

જન્મ મરણ રજીસ્ટ્રાર અને
તલાટી -કમ-મંત્રીશ્રી, વેળાવદર ગ્રામ પંચાયત કચેરી,
મુ. વેળાવદર, તા.ગારીયાધાર. જિ.ભાવનગર ......સામાવાળા

વિષયઃ-**બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એકટની કલમ-૧૩(૩)બી અન્વયે જન્મ અંગેની નોંધણી કરવા બાબત**

આથી લાગતા વળગતા તમામને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે આ કામના **અરજદારશ્રી ભરતભાઇ બાબુભાઇ ધાખડાનો જન્મ** તા.૦૧/૦૬/૧૯૯૫ના રોજ મોજે.વેળાવદર, તા.ગારીયાધાર ખાતે થયેલ હોઈ અરજદારશ્રીના જન્મ અંગેની નોંધણી કરવાની રહી ગયેલ છે. જન્મ અંગેના દાખલાની જરૂરીયાત થતા હાલ અરજી દાખલ કરેલ છે. અરજદારશ્રીએ તેઓના જન્મ અંગેની નોંધ જન્મ-મરણ રજીસ્ટ્રાર અને તલાટી-કમ-મંત્રીશ્રી, વેળાવદર ગ્રામ પંચાયત કચેરી, મુ. વેળાવદર તા.ગારીયાધારના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધણી કરવા સબબ આ કોર્ટમાં અરજી કરેલ છે.

આ અરજી સામે કોઈને વાંધો, તકરાર કે હરકત સરખુ હોય તો તેમણે સદર નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ સુધીમાં **નાયબ કલેકટર કચેરી, પાલીતાણાની કોર્ટમાં** હાજર રહેવુ તેમ કરવામાં કસુર થયે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

સ્થળ :- પાલીતાણા
તારીખ :- ૦૪/૧૨/૨૦૨૪

કોર્ટનો સિક્કો

સહી
સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ
પાલીતાણા



**-//એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//-**

અપીલ રજી નં.૧૨૭/૨૦૨૪

**અરજદાર** :- શ્રી રજબભાઈ વલીભાઈ ભારમલ
રહે. ચિતલ તા.જિ.અમરેલી

-: વિરૂધ્ધ :-

**સામાવાળા** :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,
-વ-
તલાટી -કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. ચિતલ, તા.જિ.અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના ચિતલ ગામના રજબભાઈ વલીભાઈ ભારમલ તેઓના બહેન સરીફાબેન વલીભાઈ ભારમલની જન્મ તા.૧૦/૦૮/૧૯૫૯ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા. ૧૨/૧૨/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી
એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય



**મામલતદાર અને તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લાઠી**

જન્મ/મરણ પરચુરણ અરજી નં.૬૨/૨૦૨૪ તા.૨૭/૧૧/૨૦૨૪

વિવાદી :- શ્રી મુકેશભાઈ મનસુખભાઈ ભાદરકા
રહે.સુરત, ઠે.૧૪૯, શક્તિ વિજય સોસાયટી, આશાદીપ વિદ્યાલયની પાસે, નાના વરાછા, સુરત સિટી સુરત-૩૯૫૦૦૬
મો.૯૩૭૭૩૧૩૨૯૭,
C/O એચ.કે.પઢારીયા, મુ.લાઠી મો.૮૯૮૦૧૧૨૪૮૦

**વિરૂધ્ધ**

પ્રતિવિવાદીઃ- જન્મ -મરણ નોંધણી અધિકારી-વ-તલાટી કમ મંત્રીશ્રી
મુ. આંબરડી, તા.લાઠી, જિ.અમરેલી

**જાહેર નોટીસ**
(જન્મનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.આંબરડી ગામના રહીશ આ કામના અરજદારશ્રી મુકેશભાઈ મનસુખભાઈ ભાદરકાનો જન્મ તા.૧૮/૦૯/૧૯૮૯ ના રોજ આંબરડી, તા.લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/ જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૨૨/૧૧/૨૪ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૩૦/૧૨/૨૦૨૪ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી

# 'રોડ અકસ્માતના ખરાબ રેકોર્ડના કારણે વિશ્વ સંમેલનોમાં મોં છુપાવવું પડે છે' : લોકસભામાં બોલ્યા ગડકરી

### સમયસર સારવારના અભાવે ૩૦ ટકા લોકોના મૃત્યુ

નીતિન ગડકરીએ સાંસદોને માર્ગ અકસ્માતો અટકાવવા માટે તેમના સ્તરે શ્રેષ્ઠ પ્રયાસો કરવા જણાવી કહ્યું, 'ભારતના રોડ અકસ્માતના ખરાબ રેકોર્ડના કારણે જ્યારે હું વિશ્વ પરિષદોમાં જાઉં છું ત્યારે મોં છુપાવવું પડે છે. સમયસર જીવ બચાવી શકાય તેવી સારવાર ન મળવાના કારણે અકસ્માતમાં ૩૦ ટકા લોકો મૃત્યુ પામે છે. આપણી પાસે અકસ્માતોનો સૌથી ખરાબ રેકોર્ડ છે.' નીતિ આયોગે અહેવાલ આપ્યો છે કે ૩૦ ટકા માર્ગ અકસ્માત પીડિતો જીવનરક્ષક સારવારના અભાવને કારણે મૃત્યુ પામે છે. તેથી, સારવાર માટે કેશલેસ યોજના શરૂ કરવામાં આવી છે. આ પાયલોટ પ્રોજેક્ટ ઉત્તર પ્રદેશમાં શરૂ કરવામાં આવી રહ્યો છે અને સમગ્ર દેશમાં તેનો અમલ કરવામાં આવશે. તેમણે કહ્યું કે ભારત વિશ્વનો એકમાત્ર એવો દેશ છે જ્યાં ડ્રાઈવિંગ લાઈસન્સ સરળતાથી ઉપલબ્ધ છે. અમે તેમાં સુધારો કરી રહ્યા છીએ. લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ સાંસદોને માર્ગ અકસ્માતો અટકાવવા અને સમાજને જાગૃત કરવા માટે પ્રયાસો કરવા જણાવ્યું હતું.

નવી દિલ્હી, તા.૧૨

હાલ સંસદનું શિયાળુ સત્ર ચાલી રહ્યું છે. કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ સંસદમાં કહ્યું કે રોડ અકસ્માતો અંગે ભારતનો રેકોર્ડ એટલો ખરાબ છે કે તેમને વિશ્વ પરિષદોમાં મોં છુપાવવું પડે છે. ગૃહમાં પ્રશ્નકાળ દરમિયાન પૂરક પ્રશ્નોના જવાબમાં તેમણે જણાવ્યું હતું કે, તેમના મંત્રાલયના તમામ પ્રયાસો છતાં માર્ગ અકસ્માતોમાં ઘટાડો થયો નથી પરંતુ તેમાં વધારો થયો છે.

નીતિન ગડકરીએ લોકસભામાં જણાવ્યું હતું કે દેશમાં દર વર્ષે ૧.૭૮ લાખ લોકો માર્ગ અકસ્માતોમાં મૃત્યુ પામે છે. તેમાંથી ૬૦ ટકા લોકો ૧૮-૩૪ વર્ષની વય જૂથના છે. ઘણા લોકો હેલ્મેટ વગર ટૂ-વ્હીલ ચલાવી રહ્યા છે. કેટલાક લોકો રેડ સિગ્નલનું ઉલ્લંઘન કરે છે.



આ એક વિચિત્ર સ્થિતિ છે. માર્ગ અકસ્માતો અંગેના આઘાતજનક આંકડાઓ પર પૂરક પ્રશ્નોના જવાબમાં તેમણે જણાવ્યું હતું કે, માર્ગ અકસ્માતોને કારણે થતા મૃત્યુમાં ઉત્તરપ્રદેશ મોખરે છે, જ્યારે શહેરોમાં આવા મૃત્યુમાં દિલ્હી ટોચ પર છે. વધુમાં તેમણે કહ્યું, જ્યાં સુધી સમાજ મદદ નહીં કરે, માનવ વર્તન બદલાશે નહીં અને કાયદાનો ભય નહીં રહે ત્યાં સુધી દેશમાં માર્ગ અકસ્માતો પર અંકુશ નહીં આવે. દેશમાં માર્ગ અકસ્માતોની સંખ્યા ઝડપથી વધી રહી છે. દર વર્ષે આવા અકસ્માતોમાં ૧.૭૦ લાખથી વધુ લોકો મૃત્યુ પામે છે. ઘણા લોકો યુદ્ધમાં મરતા નથી, કોવિડમાં મરતા નથી, રમખાણોમાં મરતા નથી પણ અકસ્માતમાં મરે છે.

## લોન લીધા બાદ પત્નીના બિભત્સ ફોટા મોકલતા પતિનો આપઘાત

વિશાખાપટ્ટનમ,તા.૧૨

દેશભરમાં લોન એપ એજન્ટોનો ત્રાસ વધી રહ્યો છે. આંધ્ર પ્રદેશમાં એજન્ટોએ લોન લેનારની પત્નીની મોર્ફ કરેલી તસવીર તેના મિત્રો અને પરિવારના સદસ્યોને મોકલતા યુવકે આત્મહત્યા કરી લીધી હતી. નરેન્દ્રએ પરિવારનું ગુજરાન ચલાવવા માટે એક લોન એપ પાસેથી રૂપિયા ૨૦૦૦ની લોન લીધી હતી. બે-ત્રણ અઠવાડિયા બાદ એપ એજન્ટોએ તેને લોનની ચૂકવણી માટે હેરાન પરેશાન કરવાનું શરૂ કર્યું હતું. તેને અનેક અપમાનજનક મેસેજ મોકલ્યા હતા. એજન્ટોએ નરેન્દ્રની પત્નીની મોર્ફ કરેલી તસવીર મૂકીને તેની ઉપર કિંમત લખી હતી. આ તસવીરને નરેન્દ્રના તમામ મિત્રો અને પરિવારના સદસ્યોને મોકલવામાં આવી હતી. જેઓ નરેન્દ્રના કોન્ટેક્ટ લિસ્ટમાં હતાં. આ તસવીર તેની પત્નીને મળતા તેમણે જેમ તેમ કરીને રકમ ચૂકવવા નક્કી કર્યું હતું. પરંતુ, એજન્ટોએ મદદ કરી નહતી અને તેમને પરેશાન કરવાનું ચાલુ રાખ્યું હતું. નરેન્દ્રના ઓળખીતા તસવીરો વિશે પૂછવા લાગતા તેણે આત્મહત્યા કરી લીધી હતી.

## સોનિયા અને સોરોસ વચ્ચે શું કનેક્શન છે? કોંગ્રેસ જણાવે : આરોગ્યમંત્રી જે.પી. નડ્ડા

**વિપક્ષે રાજ્યસભાના અધ્યક્ષને ચિયરલીડર કહેતા ભાજપ અધ્યક્ષનો આક્રોશ**

ન્યુ દિલ્હી,તા.૧૨

સંસદના શિયાળુ સત્રના ૧૩મા દિવસે ગુરુવારે ભાજપે રાજ્યસભામાં શૂન્યકાળ દરમિયાન અવિશ્વાસ પ્રસ્તાવનો મુદ્દો ઉઠાવ્યો હતો. ભાજપના અધ્યક્ષ અને આરોગ્યમંત્રી જે.પી. નડ્ડાએ કહ્યું હતું કે વિપક્ષ રાજ્યસભાના અધ્યક્ષ જગદીપ ધનખરને ચિયરલીડર કહે છે. તેમની મિમિક્રી કરે છે. કોંગ્રેસ અમને કેમ નથી કહેતી કે સોનિયા અને સોરોસ વચ્ચે શું કનેક્શન છે? નડ્ડાના ભાષણ દરમિયાન વિપક્ષે હોબાળો મચાવ્યો હતો. કોંગ્રેસ-અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ બે વખત બોલવાનો પ્રયાસ કર્યો, પરંતુ બોલી શક્યા નહીં.



હોબાળા વચ્ચે રાજ્યસભાની કાર્યવાહી બપોરે ૨ વાગ્યા સુધી સ્થગિત કરી દેવામાં આવી હતી. આ તરફ લોકસભા શરૂ થતાંની સાથે જ જ્યોતિરાદિત્ય સિંધિયા વિરુદ્ધ ટીએમસી સાંસદ કલ્યાણ બેનર્જીના નિવેદન પર હોબાળો થયો હતો. સ્પીકર ઓમ બિરલાએ કહ્યું હતું કે બુધવારે ગૃહમાં જે થયું એ યોગ્ય ન હતું. કલ્યાણ બેનર્જીએ ગૃહમાં માફી માગી છે. ટીએમસી સાંસદે સિંધિયાને કહ્યું હતું કે 'તમે લેડી કિલર છો. તે ખૂબ સુંદર દેખાય છે, પણ વિલન પણ હોઈ શકે છો.'

## એનઆરસી નહી તો આધારકાર્ડ નહી : આસામ સરકારનો નિર્ણય



**મુખ્યમંત્રી સરમાએ કેબિનેટની બેઠકમાં નિર્ણય લીધો**

ગુવાહાટી, તા.૧૨

આસામમાં NRCને લઈને આસામ સરકારે મોટો નિર્ણય લીધો છે. રાજ્ય સરકારે સ્પષ્ટતા કરી કે NRC માટે અરજી કરવી ફરજિયાત છે અને જેમણે NRC માટે અરજી કરી નથી તેમને આધાર કાર્ડ આપવામાં નહીં આવે. રાજ્યની હિમંતા બિસ્વા સરમા સરકારે કહ્યું કે જો અરજદાર અથવા તેના પરિવારે NRC માટે અરજી નહીં કરી હોય તો યુનિક આઈડેન્ટિટી કાર્ડ (આધાર) મેળવવા માટેની તમામ અરજીઓ ફગાવી દેવામાં આવશે. મુખ્યમંત્રીએ કહ્યું કે બાંગ્લાદેશના લોકો ઘૂસણખોરીનો પ્રયાસ કરી રહ્યા છે ત્યારે કેબિનેટની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે. મુખ્યમંત્રી સરમાએ કહ્યું, "આસામ પોલીસ, ત્રિપુરા પોલીસ અને બીએસએફએ છેલ્લા બે મહિનામાં ઘૂસણખોરીના ઘણા પ્રયાસોને નિષ્ફળ બનાવ્યા છે. એટલા માટે બાંગ્લાદેશમાંથી ઘૂસણખોરી આપણા માટે ચિંતાનો વિષય છે. આપણે આપણી સિસ્ટમને મજબૂત કરવી પડશે. અને એટલા માટે જ આધાર મિકેનિઝમ કડક બનાવવામાં આવ્યું છે." કેબિનેટની બેઠક બાદ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે રાજ્ય સરકારમાં સામાન્ય વહીવટ વિભાગ આધાર માટેના અરજદારોની ચકાસણીની કામગીરી જોશે અને દરેક જિલ્લામાં અધિક જિલ્લા કમિશનર આ કાર્ય માટે જવાબદાર રહેશે. સીએમએ કહ્યું, "પ્રાથમિક અરજી બાદ UIDAI તેને રાજ્ય સરકારને વેરિફિકેશન માટે મોકલશે અને પછી એક સર્કલ ઓફિસર પુષ્ટિ કરશે કે અરજદાર અથવા તેના પરિવારના સભ્યોએ NRC માટે અરજી કરી છે કે નહીં. તેમણે એ પણ સ્પષ્ટતા કરી કે આ નિયમ કેન્દ્ર સરકારના કર્મચારીઓને લાગુ નહીં પડે.

### મોડી રાત્રે સર્વર સામાન્ય થતા યુઝર્સને રાહત

## મેટાનું સર્વર ડાઉન થતા દુનિયાભરમાં ઈન્સ્ટાગ્રામ, વોટ્સએપ, ફેસબુક જેવા પ્લેટફોર્મમાં મુશ્કેલી

ન્યુ દિલ્હી,તા.૧૨

દુનિયાભરમાં મેટાનું સર્વર અચાનક ડાઉન થઈ જવાથી મેસેજિંગ પ્લેટફોર્મ વ્હોટ્સ એપ, ઈન્સ્ટાગ્રામ અને ફેસબુક યુઝર્સ મોટા પાયે આઉટેજનો સામનો કરી રહ્યા છે. યુઝર્સને વ્હોટ્સ એપ પર મેસેજ મોકલવા કે પ્રાપ્ત કરવામાં મુશ્કેલી આવી રહી હતી. આ રીતે ઈન્સ્ટા અને ફેસબુક પર ફીડ અપલોડ થવામાં પણ મુશ્કેલી આવી




હતી. જોકે મોડી રાતે સર્વરની કામગીરી સામાન્ય થતા તમામ સોશિયલ મીડિયા પુનઃકાર્યરત થયા હતા. મેટાએ હજુ સુધી આ આઉટેજનું કારણ અને સર્વિસ કેટલા સમય સુધી ઉપલબ્ધ નહીં રહે એ વિશે કોઈ અધિકૃત નિવેદન જારી કર્યું નથી. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર મેટા પ્લેટફોર્મ્સના આઉટેજને લઈને મીમ્સનું પૂર આવ્યું છે. તેમાં મેટા ડાઉન અને માર્ક ઝકરબર્ગ પણ X પર ટ્રેન્ડ પર રહ્યા હતા. યુઝર્સ મીમ્સ, વીડિયો અને ઓપિનિયન દ્વારા મેટા અને ઝકરબર્ગને ટ્રોલ કરી રહ્યા હતા.

## મંદિર-મસ્જિદ સાથે જોડાયેલા નવા કેસ દાખલ નહી થાય : સુપ્રીમ કોર્ટ

ન્યુ દિલ્હી,તા.૧૨

સુપ્રીમ કોર્ટમાં બુધવારે પૂજા સ્થળ અધિનિયમ, ૧૯૯૧ વિરૂદ્ધ દાખલ અરજીઓ પર સુનાવણી શરૂ થઈ. મુખ્ય ન્યાયાધીશ(CJI) એ સ્પષ્ટ રીતે કહ્યું કે, આ મામલે આગામી સુનાવણી સુધી મંદિર-મસ્જિદથી જોડાયેલા કોઈપણ નવા કેસને દાખલ કરવામાં નહીં આવે. CJIએ કહ્યું કે, અમે એક વાત સ્પષ્ટ કરવા ઈચ્છીએ છીએ કે, આગામી સુનાવણી સુધી કોઈ નવી અરજી દાખલ નહીં



થઈ શકે. કોર્ટે તમામ પક્ષકારોને કહ્યું કે, તેઓ પોતાના તર્ક સંપૂર્ણ રીતે તૈયાર રાખે જેથી કેસને ઝડપથી ઉકેલી શકાય. પૂજા સ્થળ અધિનિયમ, ૧૯૯૧, ધાર્મિક સ્થળોની સ્થિતિને ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ના આધાર પર સંરક્ષિત કરવાનો છે અને તેમાં ફેરફાર કરવા પર રોક લગાવે છે. જો કે, આ કાયદામાં અયોધ્યાના રામ જન્મભૂમિ-બાબરી મસ્જિદ વિવાદને બહાર રખાયો હતો.

## ગાઝા પટ્ટી પર ઈઝરાયેલનો હવાઈ હુમલો : ૩૮ના મોત

જેરુસલેમ,તા.૧૨

ગાઝા પટ્ટી પર ઈઝરાયેલના હવાઈ હુમલામાં ૩૮ પેલેસ્ટિનિયન માર્યા ગયા હતા. સૌથી મોટો હુમલો એન્કલેવની ઉત્તરી કિનારે બીત લાહિયામાં એક ઘર પર થયો હતો, જેમાં મહિલાઓ અને બાળકો સહિત ૨૨ લોકો માર્યા ગયા હતા. હુમલા પહેલા બહુમાળી ઈમારતમાં ૩૦થી વધુ લોકો રહેતા હતા. હાલમાં અહીં પરિવારના ઘણા સભ્યો ગુમ છે. ઈઝરાયેલી દળોએ મધ્ય ગાઝામાં નુસિરાત શરણાર્થી શિબિર પર હુમલો કર્યો, જેમાં ૭ પેલેસ્ટિનિયન માર્યા ગયા અને અન્ય ત્રણ હુમલાઓમાં ૯ માર્યા ગયા. ઈઝરાયેલે કમલ અડવાન હોસ્પિટલની નજીક પણ હુમલો કર્યો, જે ગાઝાના ઉત્તરી કાંઠે બેટ લાહિયા અને જબાલિયા શહેરોની વચ્ચે સ્થિત છે. ઈઝરાયલી ઘેરાબંધી વિસ્તારના એક ભાગ બીટ હનુનમાં ઈઝરાયેલી હવાઈ હુમલામાં પણ ઘણા લોકો માર્યા ગયા છે.

## મહારાષ્ટ્ર મંત્રીમંડળના વિસ્તરણને લઈ ફડણવીસ-પવારના દિલ્હીમાં ધામા

ન્યુ દિલ્હી,તા.૧૨

કેબિનેટ અંગેનો નિર્ણય ૫ ડિસેમ્બરે મહારાષ્ટ્રમાં સરકાર બન્યાના ૭ દિવસ બાદ ગુરુવારે લેવામાં આવી શકે છે. મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ ગુરુવારે સંસદમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા હતા. તેઓ બુધવારે મોડીરાત્રે ગૃહમંત્રી અમિત શાહને પણ મળ્યા હતા. સૂત્રોએ દાવો કર્યો હતો કે શાહ સાથેની બેઠક દરમિયાન કેબિનેટની ચર્ચા થઈ હતી. બેઠકમાં કેબિનેટની ફોર્મ્યુલા નક્કી કરવામાં આવી હતી. કેબિનેટ વિસ્તરણ અને મંત્રીઓના શપથ ૧૪ ડિસેમ્બરે થઈ શકે છે. ડેપ્યુટી સીએમ અજિત પવાર પણ દિલ્હીમાં હાજર છે. શાહને મળવા તેઓ સંસદ પણ પહોંચ્યા છે. ડેપ્યુટી સીએમ એકનાથ શિંદે



દિલ્હી પહોંચ્યા નથી. સૂત્રોના જણાવ્યા અનુસાર, શાહ-ફડણવીસની બેઠક દરમિયાન કેબિનેટની ફોર્મ્યુલા લગભગ નક્કી થઈ ગઈ છે અને એની અંતિમ મંજૂરી આજે મળી શકે છે. મહારાષ્ટ્ર સરકારમાં મંત્રીપદની વહેંચણીની ફોર્મ્યુલા નક્કી કરવામાં આવી છે. ભાજપને ૨૦, શિવસેનાને ૧૨ અને NCPને ૧૦ મંત્રીપદ આપવામાં આવી શકે છે. રાજ્યમાં સીએમ સહિત કુલ ૪૩ મંત્રી હોઈ શકે છે.

## પાકિસ્તાનમાં સેના વિરુદ્ધ બોલવા પર પ્રતિબંધ મુકાયો : ૨૨ની ધરપકડ

લાહોર,તા.૧૨

સોશિયલ મીડિયા પર પાકિસ્તાન સેના વિરુદ્ધ દુષ્પ્રચાર ફેલાવવા બદલ ૧૫૦ શંકાસ્પદ લોકો સામે કેસ નોંધવામાં આવ્યો છે અને તેમાંથી ૨૨ની ધરપકડ કરવામાં આવી છે. ધરપકડ કરાયેલા મોટાભાગના લોકો પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનની પાર્ટી સાથે જોડાયેલા છે. સોશિયલ મીડિયા પર ખોટી માહિતી ફેલાવનારાઓ સામે કડક પગલાં લેવા સરકાર પ્રતિબદ્ધ છે. એક અધિકારીએ બુધવારે આ અંગે માહિતી આપી છે. ઈમરાન ખાનની પાર્ટી પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (પીટીઆઈ)ના જણાવ્યા અનુસાર ૨૬ નવેમ્બરના રોજ ઈસ્લામાબાદમાં દેખાવકારો પર ગોળીબારમાં પાર્ટીના ઓછામાં ઓછા ૧૨ કાર્યકરો માર્યા ગયા હતા અને સેંકડો ઘાયલ થયા હતા. પાર્ટીએ એવો પણ દાવો કર્યો છે કે ત્યારથી લગભગ ૧૦૫ પાર્ટી કાર્યકરો ગુમ છે. આ ઘટના બાદ ખાનના સમર્થકોએ શાંતિપૂર્ણ પ્રદર્શનકારીઓ પર ગોળીબાર કરવા માટે પાકિસ્તાની સેનાને જવાબદાર ઠેરવી હતી.

## અમે મણિપુર બોલ્યા, પીએમ કરીનાકપૂર સમજ્યા : કોંગી નેતાએ કર્યો બફાટ

ન્યુ દિલ્હી,તા.૧૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે બોલિવૂડ જગતના લોકપ્રિય કપૂર પરિવારની મુલાકાત રાજકીય મુદ્દો બની છે. આ મુલાકાત પર ટીખળ કરતાં કોંગ્રેસ નેતા પવન ખેડાએ નિવેદન આપ્યું હતું કે, અમે મણિપુર બોલ્યા હતા, તે કરિના કપૂર સમજ્યા છે. બોલિવૂડના દિગ્ગજ અભિનેતા અને દિર્ગદર્શક રાજ કપૂરની ૧૦૦મી જન્મ જયંતિના ભાગરૂપે આમંત્રણ



આપવાં ગઈકાલે કપૂર પરિવાર વડાપ્રધાન મોદીના આવાસ સ્થાને આવ્યો હતો. જેના ફોટો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં જ કોંગ્રેસ નેતા પવન ખેડાએ ટીખળ કરતી પોસ્ટ કરી હતી. જો કે, બાદમાં તે પોસ્ટ ડિલિટ કરી દીધી હતી. પવન ખેડાની આ સોશિયલ મીડિયા પોસ્ટ મુદ્દે ભાજપે અત્યારસુધી કોઈ પ્રતિક્રિયા આપી નથી. પવન ખેડાએ પણ જોશમાં ને જોશમાં ટ્વિટ તો કરી દીધુ હતું. પરંતુ બાદમાં તેને થોડી જ ક્ષણોમાં ડિલિટ કર્યુ હતું. ફિલ્મ નિર્માતા અને અભિનેતા રાજકપૂરની ૧૪ ડિસેમ્બરે ૧૦૦મી જન્મ જયંતિ ઉજવવામાં આવી રહી છે. જેના આમંત્રણ પર વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતુ કે, રાજ કપૂર ભારતીય સિનેમા જગતના પાયા સમાન છે. તેમની આ સ્વર્ણિમ યાત્રાની શરૂઆત ૧૯૪૭માં નીલ કમલ દ્વારા થઈ હતી.

## ગુજકેટની પરીક્ષાના ફોર્મ ભરવાની તારીખ જાહેર : ૧૭મીથી ઓનલાઈન ફોર્મ ભરાશે

**ફી ભર્યા બાદ આવેદનપત્ર ફરજિયાત ભરવાનું રહેશે**


ગાંધીનગર,તા.૧૨

GUJCETની પરીક્ષા અંગે મહત્ત્વના સમાચાર સામે આવ્યા છે. GUJCET (ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ) ૨૦૨૫ની પરીક્ષાના ફોર્મ ભરવાની તારીખ જાહેર કરવામાં આવી છે. ૧૭ ડિસેમ્બરથી ઉમેદવારો બોર્ડની વેબસાઈટ પરથી ફોર્મ ભરી શકશે. ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૩૧ ડિસેમ્બર છે. વિદ્યાર્થીઓ ૧૭ ડિસેમ્બરથી સત્તાવાર વેબસાઈટ gseb.rog પર ઓનલાઈન આવેદનપત્ર ભરી શકશે. ૩૧ ડિસેમ્બર સુધી આ વેબસાઈટ કાર્યરત રહેશે. ઉમેદવારો ૩૧ ડિસેમ્બર બાદ ફોર્મ ભરી શકશે નહીં. ગુજકેટની પરીક્ષા ફી ૩૫૦ રૂપિયા SBI e-Pay System મારફતે ઓનલાઈન (ક્રેડિટ કાર્ડ, ડેબિટ કાર્ડ, નેટ બેંકિંગ) દ્વારા અથવા SBI Pay ના 'SBI Branch Payment' ઓપ્શન દ્વારા દેશની કોઈપણ SBI Branch માં ભરી શકાશે. ફી ભર્યા બાદ સંપૂર્ણ આવેદનપત્ર ફરજિયાત ભરવાનું રહેશે.ગુજકેટની પરીક્ષા ૩ કલાક માટે લેવામાં આવશે. આ પરીક્ષા ત્રણ ભાષા અંગ્રેજી, હિન્દી અને ગુજરાતીમાં લેવામાં આવશે. પ્રશ્નપત્ર કુલ ૧૨૦ માર્કસનું હશે, જેમાંથી ૪૦ પ્રશ્નો ભૌતિકશાસ્ત્રના, ૪૦ પ્રશ્નો રસાયણશાસ્ત્રના અને ૪૦ પ્રશ્નો ગણિતના પૂછવામાં આવશે. સાચા જવાબો માટે એક માર્ક આપવામાં આવશે, જ્યારે ખોટા જવાબો માટે ૦.૨૫ માર્કસ કાપવામાં આવશે. આ પરીક્ષા અંગ્રેજી, હિન્દી અને ગુજરાતીમાં લેવામાં આવશે.

માતાએ બંને સંતાનોને ઝેરી દવા પીવડાવી પોતે પણ પીધી

# જામકંડોરણામાં ઘરકંકાસને કારણે શ્રમિક કુટુંબે સામૂહિક આત્મહત્યા કરી

રાજકોટ,તા.૧૨



રાજકોટના જામકંડોરણામાં શ્રમિક કુટુંબે સામૂહિક આત્મહત્યા કરી છે. દાહોદના શ્રમિક કુટુંબે ઝેરી દવા પીને આત્મહત્યા કરતા ચકચાર મચી ગઈ છે. દાહોદના સનાળા ગામે વાડી વિસ્તારમાં આત્મહત્યાની ઘટના બની છે. શ્રમિક કુટુંબે ઝેરી દવા પીતા માતા અને બે સંતાનોના મોત થયા છે. ઘરકંકાસ હોવાના લીધે આ આત્મહત્યાની ઘટના બનતા લોકોમાં ચકચાર મચી ગઈ છે. માતાએ બંને સંતાનોને ઝેરી દવા પીવડાવી પોતે પણ આત્મહત્યા કરી લીધી હતી. ત્રણેયના મૃતદેહો પોસ્ટમોર્ટમ અર્થે સિવિલ ખસેડવામાં આવ્યા હતા. પોલીસે આત્મહત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. આત્મહત્યા પાછળની દુષ્પ્રેરણા કુટુંબીની હશે તો પોલીસ તેના માટે દુષ્પ્રેરણાનો ગુનો નોંધશે.

# સરકારી રેકોર્ડ સાથે ચેડા કરી બોગસ વિઝાનો પર્દાફાશ

જામકલ્યાણપુર,તા.૧૨



દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ગુનાહિત પ્રવૃત્તિઓને અંજામ આપવા માટે આરોપીઓ સરકારી રેકર્ડ સાથે ચેડાં કરીને સાચી એન્ટ્રીઓનો નાશ કરતા હતા અને ખોટા જન્મના પ્રામણપત્રો બનાવતા હતા. આ મામલે જામ કલ્યાણપુર પોલીસ સ્ટેશનને જાણ થતાં, ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં દેવભૂમિ દ્વારકા SOGએ કૌભાંડમાં સપડાયેલા તલાટી મંત્રી હાર્દિક રાવલીયાની ધરપકડ કરીને સમગ્ર મામલે પૂછપરછ હાથ ધરી હતી. જેમાં પોરબંદરના એક શખ્સનો જન્મનો દાખલો કાઢી આપ્યો હોવાનો ખુલાસો થયો હતો. આરોપીઓ યુકે જવા ઈચ્છતા લોકોની પસંદગી કરતા હતા. આ પછી યુકેમાં રહેતા પૉર્ટુગીઝ નાગરિકતા ધરાવતાં લોકોનો સંપર્ક કરાવીને નાણાકીય લેવડ-દેવડ કરતા હતા અને તેમના ડૉક્યુમેન્ટનો ઉપયોગ કરવામાં આવતો હતો. આમ આરોપીઓ જન્મના ખોટા પ્રમાણપત્રો બનાવીને યુકે જવા ઈચ્છાતા લોકોના બોગસ વિઝા તૈયાર કરાતા હતા. આધારકાર્ડમાં નામ, સરનામું સહિતના સુધારા વધારા કરીને વલસાડ, દમણ અને સુરતના એજન્ટો મારફતે કામને પાર પાડીને બનાવટી પાસપોર્ટ તૈયાર કરવામાં આવતો હતો. સમગ્ર કૌભાંડ મામલે પોલીસે પોરબંદર, સુરત, વલસાડ, દમણ ખાતેથી આરોપીઓને ઝડપી પાડીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

રાજ્યના મહેસુલ વિભાગે મહત્વનો નિર્ણય કર્યો

# ગુજરાતમાં જમીન માપણીની અરજીનો ૨૧ દિવસમાં જ નિકાલ કરવા આદેશ

ગાંધીનગર,તા.૧૨

ગુજરાતમાં મહેસૂલ વિભાગે પ્રોપર્ટી કાર્ડ બનાવવા અને ખેતીની જમીનને બિન-કૃષિ-એનએમાં રૂપાંતરિત કરવા અને જમીન અથવા શેરના વેચાણ માટે, વિલંબ ઘટાડવા અને અરજદારોની સંખ્યામાં વધારો કરવા પગલાં લેવાનો એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. પ્રસિદ્ધ થયેલા પરિપત્રમાં જમીનના હિસ્સાની માપણી માટેની અરજીમાં ફી મળ્યાના ૨૧ દિવસમાં માપણી પૂર્ણ કરવા અથવા આવી અરજીનો નિકાલ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. મહેસૂલ વિભાગના નાયબ સચિવ પ્રેરક પટેલ દ્વારા સહી કરાયેલા પરિપત્રમાં તમામ કલેક્ટર અને જમીન માપણી કચેરીના અધિકારીઓને સોમવારથી જ તેનો અમલ કરવા જણાવ્યું હતું. પરિપત્રમાં જણાવાયું છે કે રાજ્યમાં મહેસૂલી સેવાઓ ઓનલાઈન છે. જ્યાં જમીન કચેરીઓની હદ, શેર અને શેરની માપણી માટે અરજી



કરવાની પ્રક્રિયા આઈઓઆરએ પોર્ટલ પર કરવામાં આવે છે. હાલમાં, જો જમીનના વેચાણમાં ૭/૧૨ નો કોઈ શેર અથવા કોઈ ચોક્કસ શેર વેચવામાં આવે તો, વેચાણ હેઠળના તે શેર માટે 'શેર માપણી' કરવાની રહેશે. જેના માટે ગામ નમૂના નંબર ૭ ની બે બાજુઓ અલગ કરવા માટે હાલની તાત્કાલિક માપણી માટે ૩૦ દિવસ અને સામાન્ય માપણી માટે ૬૦ દિવસ છે. મહેસૂલ વિભાગે હવે તેનો સમય ઘટાડીને ૨૧ દિવસ કરી દીધો છે. આથી હવેથી ગામ નમૂના નં.૭માં કોઈપણ જમીન વેચવામાં આવે તો તે કિસ્સામાં 'શેર માપણી માટેની અરજી તાત્કાલિક' માપણી તરીકે ધ્યાનમાં લેવા આદેશ આપવામાં આવ્યો છે. નવા આદેશ મુજબ, અપૂર્ણાંક માપણી માટેની અરજીની ચકાસણી કર્યા પછી અને તેને સ્વીકાર્યા પછી, જમીન કચેરીના અધિકારીઓએ માપણી ફીની રસીદના જનરેશનના ૨૧ દિવસમાં અરજીનો નિકાલ કરવાનો રહેશે. બંજર જમીનની માપણી માટેની અરજી પણ તાત્કાલિક માપણી તરીકે ગણવામાં આવશે. આનાથી ખેતીની જમીનના વિભાજન, વેચાણ અને બિનખેતીની પ્રક્રિયા ઝડપી બનશે અને પ્રોપર્ટી કાર્ડનું ઝડપી નિર્માણ થશે. આનાથી બાંધકામ ક્ષેત્રના સાહસિકો તેમજ પ્રોપર્ટી ડેવલપર્સને સમય અને નાણાકીય બોજમાં મોટી રાહત મળશે.

# રાજ્યના પ્રથમ શ્રમિક સુવિધા કેન્દ્રનું લોકાર્પણ કરતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ



અમદાવાદ,તા.૧૨

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વની સરકારના બે વર્ષની ઉજવણી નિમિત્તે અમદાવાદમાં શ્રમિક સુવિધા કેન્દ્રનું લોકાર્પણ કરીને રાજ્યના શ્રમિકોને આગવી ભેટ સરકારે આપી છે. કડિયા નાકે રોજગાર અને કોન્ટ્રાક્ટચ્યુલ લેબર વર્ક માટે એકઠા થતા શ્રમિકો માટે આ સુવિધા કેન્દ્ર ભોજન અને રિફ્રેશમેન્ટ માટેનું આગવું સ્થળ બની રહેશે. અમદાવાદમાં કુલ ૧૧ સહિત રાજ્યભરમાં આવા શ્રમિક સુવિધા કેન્દ્રો બનાવવાની રાજ્ય સરકારની નેમ છે. શ્રમિક સુવિધા કેન્દ્રમાં બેસીને જમવા માટેના ઓટલા, વોશરૂમ સહિતની પાયાની સુવિધાઓ ઉપલબ્ધ છે. માત્ર એટલું જ નહીં, લેબર કોન્ટ્રાક્ટર્સ અહી આવીને જરૂરિયાત મુજબના શ્રમિકોને શોધી – મળી શકે છે, સાથે-સાથે શ્રમિકોને તેનું મહેનતાણું આપી શકે તે માટે પણ આ કેન્દ્રનો ઉપયોગ થઈ શકશે. કડિયા નાકે જાહેર માર્ગ પર ઉભા રહેવાને બદલે હવે આ શ્રમિક સુવિધા કેન્દ્રમાં બેસીને શ્રમિકો ટાઢ, તાપ કે વરસાદથી રક્ષણ મેળવશે. મુખ્યમંત્રીએ શ્રમિક સુવિધા કેન્દ્રનું લોકાર્પણ કર્યું તે સ્થળે અમદાવાદનું ૯૯મું અને રાજ્યનું ૨૯૧ મું શ્રમિક અન્નપૂર્ણા કેન્દ્ર પણ શરૂ કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રીએ આ તકે શ્રમિક અન્નપૂર્ણા કેન્દ્રમાં જઈને શ્રમિકોને ભોજન પીરસ્યું હતું. રાજ્યભરમાં હજુ વધુ ૯૯ શ્રમિક અન્નપૂર્ણા કેન્દ્ર બનાવવાનો રાજ્ય સરકારનો લક્ષ્યાંક છે. શ્રમિકોને રાહત દરે ભોજન, ચા અને હવે રિફ્રેશમેન્ટ, આરામ કરવા અને એકઠા થવા માટેનું સુવિધાજનક સ્થળ મળશે.

# સાણંદમાં જૈશ-એ-મોહમ્મદ સાથે કનેકશનની શંકાએ ૧ની અટકાયત

અમદાવાદ,તા.૧૨



અમદાવાદને અડીને આવેલ સાણંદમાં મદ્રેસામાં કામ કરતી એક શંકાસ્પદ વ્યક્તિની NIA (નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી)એ અટકાયત કરી પૂછપરછ હાથ ધરી છે. આતંકી સંગઠન જૈશ-એ- મોહમ્મદ સાથેના કનેકશનને લઈ શંકાસ્પદ વ્યક્તિની પૂછપરછ કરવામાં આવી રહી છે. ઝડપાયેલી શંકાસ્પદ વ્યક્તિનું નામ આદિલ હોવાનું સામે આવ્યું છે. હાલ આ વ્યક્તિને નેશનલ એજન્સી દ્વારા પૂછપરછ કરવામાં આવી રહી છે, એમાં પણ ખાસ કરીને જે સમગ્ર ઓપરેશન હાથ ધરાયું એમાં અમદાવાદ જિલ્લા પોલીસને પણ સાથે રાખવામાં આવી હોવાની વિગતો હાલ સામે આવી રહી છે.

# કમોસમી વરસાદની આગાહી : રાજયમાં આગામી દિવસોમાં વધુ કડકડતી ઠંડી પડશે

અમદાવાદ,તા.૧૨

ગુજરાતમાં દિવસો વીતવાની સાથે ઠંડીનું પ્રમાણ પણ સતત વધી રહ્યું છે. ડિસેમ્બર મહિનાની શરૂઆત સાથે જ રાજ્યમાં ઠંડીનું પ્રમાણ પણ વધી રહ્યું છે. દરમિયાન, હવામાન વિભાગે જણાવ્યું છે કે આગામી ૨૪ કલાકમાં રાજ્યમાં વધુ ઠંડી પડવાની સંભાવના છે. આ સાથે વિભાગે ઘણા જિલ્લાઓમાં તીવ્ર ઠંડી પડવાની આગાહી કરી છે. આ ઉપરાંત સૌરાષ્ટ્ર અને કચ્છમાં પણ કોલ્ડવેવની અસર થવાની સંભાવના છે. તેમજ આજે સવારથી ગુજરાતમાં કાશ્મીર, હિમાચલ, ઉત્તરાખંડ જેવી ઠંડીનો અહેસાસ લોકો કરી રહ્યા છે. દરમિયાન હવામાનની આગાહી કરનાર અંબાલાલ પટેલે જણાવ્યું હતું કે આગામી દિવસોમાં ગુજરાતમાં ઠંડી અને કમોસમી વરસાદ પડી શકે છે. ભારતીય હવામાન વિભાગે આગાહીમાં જણાવ્યું છે કે આગામી દિવસોમાં ઠંડી વધી શકે છે. દેશના મોટાભાગના ભાગોમાં શિયાળા દરમિયાન સામાન્ય તાપમાન વધુ નોંધાય તેવી શક્યતા છે. ઉત્તર પશ્ચિમ, મધ્ય અને ઉત્તરપૂર્વ ભારતમાં ઓછા શીત લહેરના દિવસો રહેશે. દક્ષિણ ભારતમાં ઠંડી વધી શકે છે. દક્ષિણ દ્વીપકલ્પમાં તાપમાન સામાન્ય કરતાં ઓછું રહી શકે છે. ઉત્તરથી દક્ષિણ તરફ તીવ્ર ઠંડીનું મોજું ફરી વળ્યું છે. હિમાચલમાં હિમવર્ષાના કારણે ઠંડીમાં વધારો થયો છે. ડિસેમ્બર આવતાની સાથે જ ઠંડીએ પણ પોતાનો રંગ બતાવવાનું શરૂ કરી દીધું છે. પરંતુ આગામી દિવસો વધુ ડરામણા હશે તેવો અંદાજ છે. હવામાન વિભાગે ઠંડીની નવી આગાહીને લઈને મોટું એલર્ટ આપ્યું છે.











